।। श्रीकृष्णाय नमः ।।
।। श्रीवल्लभाधीशो जयति ।। ।। जयति श्रीविठ्ठलेश्वरः ।।

।। પુષ્ટિ સંસ્કાર ।।

વર્ષ - ૬, અંક - ૧૨, સળંગ અંક - ૭૨, માર્ચ - ૨૦૧૬

अन्तवत्तु फलं तेषां तद्भवत्यल्पमेधसाम् ।
देवान्देवयजो यान्ति मद्भक्ता यान्ति मामपि ।।
श्रीमद्भगवद् गीता - ७/२३

પરંતુ એ અલ્પબુદ્ધિજનોનું એ ફળ નાશવંત હોય છે
તેમજ એ દેવતાઓને પૂજનાર જનો દેવતાઓને પામે છે;
જ્યારે મારા ભક્તો ભલે ગમે તેમ ભજે, છેવટે તેઓ મને જ પામે છે.

:: પ્રકાશક ::
શ્રીપુષ્ટિ ફાઉન્ડેશન - મોટી હવેલી, જૂનાગઢ (ગુજરાત)
Web: www.pushtisanskar.org

॥ શ્રીવલ્લભાધીશો જયતિ ॥

‘પુષ્ટિસંસ્કાર’

પ્રેરક
ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી
શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રી
(મોટી હવેલી - જૂનાગઢ)
પથદર્શક
ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી
(મોટી હવેલી - જૂનાગઢ)

તંત્રી/સંપાદક
કમલ સેજપાલ
લેખક સંકલન
મથુરભાઇ રામાણી
કાર્યાલય વ્યવસ્થા
આનન્દ ઠક્કર
પ્રકાશન વ્યવસ્થા
આશિષ ગાથા
શ્રીપુષ્ટિ ફાઉન્ડેશન પ્રમુખ
જયેન્દ્રભાઇ તન્ના
પ્રકાશક
શ્રીપુષ્ટિ ફાઉન્ડેશન
મોટી હવેલી,પંચહાટડી ચોક,
જૂનાગઢ-૩૬૨001
ફોન:૦૨૮૫-૨૬૨૦૨૦૦
મુદ્રક
મેટ્રો ઓફસેટ - જૂનાગઢ

વાર્ષિક લવાજમ
₹૧૫૦/- પ્રતિ અંક ₹ ૧૫/-
વિદેશ માટે ₹૨૦૦૦/-

અનુક્રમણિકા

શ્રીપુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠ અભ્યાસ	૭
પુષ્ટિભક્તિમાર્ગ	૯
શિક્ષાપત્ર	૧૦
શ્રીબેઠક ચરિત્ર માહાત્મ્ય	૧૨
સાચા જ્ઞાનનો પ્રકાશ	૧૩
પુષ્ટિચિન્તન	૧૪
પુષ્ટિ સિદ્ધાન્ત	૧૫
પ્રતિભાવના પૂષ્પો	૧૭
પુષ્ટિસંસ્કાર સમાચાર	૨૨
પ્રાકૃતિક ઉપચાર	૩૦
વ્યક્તિત્વ વિકાસના સોપાનો	૩૧
વ્રતોત્સવ ટિપ્પણી	૩૨

- પ્રકાશિત કરવામાં આવેલ લેખો અને માહિતિ સાથે પ્રકાશકનું સહમત હોવું અનિવાર્ય નથી. લેખનની સમ્પૂર્ણ જવાબદારી જે તે લેખકની રહેશે.

- **‘પુષ્ટિસંસ્કાર’** નો અંક દરેક મહિનાની ૧ તારીખે રવાના કરવામાં આવે છે. જે-તે મહિનાની ૧૫ તારીખ સુધીમાં અંક ન મળે તો નામ, ગ્રાહક નંબર સાથે **‘શ્રીપુષ્ટિસંસ્કાર કાર્યાલય’** પર જાણ કરવી. ફોન:૦૨૮૫-૨૬૨૦૨૦૦

સંપાદક લેખ

પુષ્ટિભક્તિમાર્ગાચાર્ય ગોસ્વામી શ્રીમાધવરાયજી મહારાજશ્રી સ્થાપિત મોટી હવેલી - જૂનાગઢ; અનેકવિધ ધર્મકાર્ય, સામાજીક કાર્યને આગળ ધપાવનાર આચાર્યશ્રીઓ દ્વારા પુષ્ટિભક્તિમાર્ગના વૈષ્ણવોના ભાવનું પોષણ કરતું એક આદર્શ સ્થાન છે.

શ્રીદામોદરલાલ શ્રીમદનમોહનલાલ પ્રભુની કૃપાથી દાદાજી શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રી, ગોસ્વામી શ્રીચન્દ્રપ્રભા ભાભીજી મહારાજ, શ્રીકાકાજી ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રી એવમ્ ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદયશ્રીના આશીર્વાદથી આજે વલ્લભીય વૈષ્ણવોના વિશેષ આત્મીય આચાર્યશ્રીઓ તરીકે ગુરૂ-શિષ્યની આદર્શ પરમ્પરા બની રહી છે. આવા ગુરૂદેવના સાન્નિધ્યમાં સાચી વૈષ્ણવતાની ઝલક આજે સમાજમાં દેખાઇ રહી છે. આપશ્રીના અભિગમને વૈષ્ણવો સુધી પહોંચાડનારું આપણું માસિકપત્ર ‘પુષ્ટિસંસ્કાર’ આજે આંખના પલકારાની જેમ ખૂબજ ઝડપથી છ વર્ષ પૂર્ણ કરી સાતમા વર્ષમાં મંગલ પ્રવેશ કરવા માટે થનગની રહ્યું છે.

પુષ્ટિસંસ્કારના પ્રેરક : ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રી

આપશ્રીની કૃપા અને આશીર્વાદથી આજે ‘પુષ્ટિસંસ્કાર માસિક’ છ વર્ષ પૂર્ણ કરે છે. સમય અનુસાર આપના આશીર્વાદ આ માસિકને પ્રાપ્ત થતા રહે છે તે જ અમો વૈષ્ણવોનું પરમ સૌભાગ્ય છે. આપશ્રીના યુગલ ચરણારવિંદમાં પુષ્ટિસંસ્કાર વાંચક વૈષ્ણવોના દંડવત્ પ્રણામ...

પુષ્ટિસંસ્કારના પથદર્શક : ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદયશ્રી

આપશ્રીના અથાગ પરિશ્રમથી આજે આપણું પુષ્ટિસંસ્કાર એક વૈવિધ્ય સભર ધર્મસંસ્કારના પ્રસાર, પ્રચારનું ઉચ્ચતમ માધ્યમ બની રહ્યું છે. અનેકતામાં એકતા એવી આપશ્રીની કૃપાથી આજે એક વર્ષથી ધર્મસંસ્કારનું સિંચન કરતું આપણું માસિક સંપૂર્ણ રંગીન બન્યુ છે. તે આપશ્રીના પરિશ્રમ અને કૃપા દ્વારા જ શક્ય બન્યુ છે. સમસ્ત વલ્લભીય વૈષ્ણવ પર આપની કૃપા નિરન્તર વરસતી જ રહે છે તે જ અમારા બધાનું પરમ સૌભાગ્ય છે. આપશ્રીના યુગલ ચરણોમાં દંડવત્ પ્રણામ..., ગોસ્વામી શ્રીવ્રજવલ્લભબાવાશ્રી, ગોસ્વામી શ્રીસ્વસ્તિરાજા એવમ્ ગોસ્વામી શ્રીપુણ્યશ્લોક બાવાશ્રીના ચરણોમાં દંડવત્ પ્રણામ...

પુષ્ટિસંસ્કારના લેખકો :

શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી એવમ્ શ્રીગુસાંઇજી પ્રભુચરણની વાણી સ્વરૂપે બિરાજમાન તેમજ અન્ય આચાર્યશ્રીઓની વાણી સ્વરૂપે બિરાજતા ગ્રન્થ-સાહિત્યોનો વિપુલ ભંડાર છે. દરેક લેખકો દ્વારા આવા વિવિધ લેખનો દ્વારા આજે વૈષ્ણવોને બધાજ આચાર્યશ્રીઓની વાણીને સ્પર્શ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થઇ રહ્યું છે. છઠ્ઠા વર્ષનાં એપ્રિલ ૨૦૧૫ થી માર્ચ ૨૦૧૬માં દરેક લેખકોના લેખો પ્રસિદ્ધ કરવાનો આનંદ વિશેષ રહ્યો છે. નાના-મોટા અને રેગ્યુલર લેખોને વૈષ્ણવો મનભરીને માણે છે તે જ આપણા માસિક પત્રિકાનો મુખ્ય આધાર છે. આવા જે તે મહિનામાં જે લેખકોનાં લેખો માટે આપ સહુનો ધન્યવાદ. આપ અવિરત રીતે જોડાયેલા રહેશો તેવી શુભકામના,

પુષ્ટિસંસ્કારમાં વિવિધ પ્રવૃત્તિઓ :

ગો-શાલા, પુષ્ટિસંસ્કાર સંસ્થાનનાં માધ્યમથી ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ જેમાં શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા, પુષ્ટિસંસ્કાર પરિવાર, પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠ ની જે કંઇ પ્રવૃત્તિઓ સમયાન્તરે થતી રહી છે. તેના ફોટોગ્રાફસ સાથે

પ્રસિદ્ધ કરવાના પુરતા પ્રયત્નો કરેલા છે. આ બધી જ પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા દરેકને વિશેષ અભિનંદન... આપ નિષ્ઠાપૂર્વક શ્રીપુષ્ટિભક્તિમાર્ગમાં આગળ વધો તેવી શુભકામના...

પુષ્ટિસંસ્કાર કાર્યકારી મંડળ :

પુષ્ટિ ફાઉન્ડેશનના નેજા હેઠળ પ્રકાશિત થતું 'પુષ્ટિસંસ્કાર' પ્રમુખ શ્રીજયેન્દ્રભાઇ તન્ના, લેખક સંકલન શ્રીમથુરભાઇ રામાણી, કાર્યાલય વ્યવસ્થા શ્રીઆનંદભાઇ ઠક્કર, પ્રકાશન વ્યવસ્થા શ્રીઆશિષભાઇ ગાથા, ટ્રસ્ટી શ્રીભાવેશભાઇ રૂપારેલીયાના સહયોગથી આ કાર્ય ખૂબજ સુંદર રીતે થઇ રહ્યુ છે. આપણા માસિકના મુદ્રક મેટ્રો ઓફસેટ તથા પોસ્ટીંગ વ્યવસ્થામાં પુષ્ટિસંસ્કાર સંસ્થાનના સ્ટાફ મિત્રો દ્વારા ખૂબજ સુંદર કાર્ય થઇ રહ્યુ છે. તેમજ ઓફિસ કાર્યાલયમાં કોમ્પ્યુટરાઇઝ લેખન કાર્ય, વ્રતોત્સવ ટિપ્પણીનું સંકલન શ્રીરસિકભાઇ બદીયાણી કરી રહ્યા છે તે માટે દરેકનો ધન્યવાદ...

આપણા માનદ્ પ્રતિનિધિઓના પરસ્પરના સહકાર દ્વારા આ કાર્ય આપણુ જ છે તેમ પોતાના કર્તવ્યના ભાગ રૂપ આજે છઠ્ઠા વર્ષમાં દસ હજાર પુષ્ટિસંસ્કાર માસિકના વાંચક વૈષ્ણવો છે. તે આપણા માનદ્ પ્રતિનિધિઓના પ્રયત્નોથી જ શક્ય બન્યું છે. આપ સહુને જેટલા પણ અભિનંદન આપીએ તેટલા ઓછા છે. બસ આપ બધાની આવી નિષ્ઠા જળવાઇ રહે તેવી શ્રીવલ્લભના ચરણોમાં વિનંતી...

શ્રીમહાપ્રભુજી દ્વારા સ્થાપિત 'શ્રીપુષ્ટિભક્તિમાર્ગ' માં આપણા બધાજની નિષ્ઠા બની રહે તેવી આપશ્રીના ચરણોમાં વિનંતી ભક્તિના દાતા શ્યામસુંદર શ્રીયમુનાજી તો માં સ્વરૂપ છે. આપની કૃપા તો નિરન્તર આપણા બધા જ પર બનેલી છે. આપશ્રીના ચરણારવિંદમાં દંડવત્ પ્રણામ...

ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રી એવમ્ ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીની કૃપા અને આશીર્વાદથી મને પુષ્ટિસંસ્કાર નું યત્કિંચિત્ કાર્ય કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. આપશ્રીને મારા હૃદયથી સાક્ષાત્ દંડવત્ પ્રણામ...

વાંચક વૈષ્ણવો, લખેકો, માનદ્ પ્રતિનિધિઓ તથા જોડાયેલ તમામ લોકોનો આભાર પ્રકટ કરું છું. સમગ્ર વર્ષ દરમ્યાન નાની-મોટી શબ્દોની જે કંઇ ભૂલ હોય તે મારી જવાબદારી સ્વીકારું છું. આપ બધા જ આત્મીય, પ્રેમ, લાગણી, કરૂણા અને દયાનાં સાગરથી ભરપૂર છો. મને ક્ષમ્ય ગણી કૃતાર્થ કરશોજી. ફરી સાતમાં વર્ષથી નવા-જુના વૈષ્ણવ વાંચકોને મળવાનો આનંદ વિશેષ હશે.

આવનાર દિવસોમાં અનેકવિધ ઉત્સવો આવી રહ્યા છે. આ બધા જ ઉત્સવોને આપણા માર્ગની રીત, પ્રિત મુજબ સહુ સાથે એકત્રિત થઇ મનાવીએ.

મારા શબ્દોને શ્રીયમુનાજીના ચરણકમલમાં સમર્પિત કરી વિરમું છું.

જા મુખતેં શ્રીયમુને, યહ નામ આવે,
તાપર કૃપા કરે, શ્રીવલ્લભ પ્રભુ;
સોઇ શ્રીયમુનાજીકો ભેદ પાવે.

કમલના ભગવદ્સ્મરણ...

મંગલકામના

– ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદયશ્રી

આપણી પુષ્ટિસંસ્કાર માસિકપત્રિકા પુષ્ટિમાર્ગના વાસ્તવિક સ્વરૂપને વૈષ્ણવસમાજમાં પ્રસ્થાપિત કરવા માટેનું મહત્ત્વનું માધ્યમ બની રહી છે.

આજે પુષ્ટિમાર્ગમાં માર્ગના સિદ્ધાન્ત અને ભાવના થી વિપરીત એવા પ્રતિદિન નવા નવા પ્રકારના વિચિત્ર પ્રસંગો અને મનોરથો થતા રહે છે. એવા ધર્મસિદ્ધાન્તખંડન કરનારા આયોજનોમાં જોડાઇને વૈષ્ણવો પણ ‘કંઇક તો થયું – કંઇક તો કર્યું’ નો ધર્મપાલનનો નિઃસાર સન્તોષ લઇ લેતા હોય છે. પરન્તુ આવો મિથ્યા સન્તોષ ખરેખર તો આપણને આપણા સ્વયંના વાસ્તવિક ધર્મપાલન પ્રત્યે તેમજ ‘સહજ સંસ્કારી આનંદથી પરિપૂર્ણ બાળકો’ અને ‘જ્ઞાન–સંસ્કાર–શિસ્ત થી ઉત્સાહિત કર્મઠ યુવાનો’ ના નિર્માણ પ્રત્યે ઉદાસીન બનાવે છે. વાસ્તવિક જીવનમાં આપણા બાલકો સંસ્કારવિહીન અને યુવાનો દિશાવિહીન ભટકતા હોય અને આપણે માત્ર કાલ્પનિક ધાર્મિકતાની દુનિયામાં વિહાર કરતા હોઇએ તો અવશ્ય જ હવે આત્મચિન્તન કરવાનો સમય છે.

આજે આવશ્યકતા છે શ્રીવલ્લભના સિદ્ધાન્તોને વિધેયાત્મક–રચનાત્મક રીતે અને તેના વાસ્તવિક સ્વરૂપમાં જ પ્રત્યેક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સુધી પહોંચાડવાની. આપણે પુષ્ટિસંસ્કાર પાઠશાલા, પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠ દ્વારા આપણા દિવ્ય જ્ઞાન વારસાને જનમાનસમાં પુનઃ અંકિત કરવા માટે પ્રયત્નશીલ છીએ. આ પ્રવૃત્તિઓને અભૂતપૂર્વ પ્રતિસાદ પણ પ્રાપ્ત થઇ રહ્યો છે.

નિરન્તર આગળ વધી રહેલી પુષ્ટિસંસ્કાર પાઠશાલા, પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠ અને પુષ્ટિસંસ્કાર પરિવારની પ્રગતિ અને તેના સામાજિક પ્રભાવોને પ્રતિબિંબિત કરતું દર્પણ છે આપણી ‘પુષ્ટિસંસ્કાર પત્રિકા’.

પુષ્ટિસંસ્કાર પત્રિકા છ વર્ષ પૂર્ણ કરીને સાતમા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહી છે. આ પ્રસંગે તંત્રીશ્રી કમલભાઇ સેજપાલ અને સર્વ સહયોગી કાર્યકર્તાઓને અનેકશઃ અભિનન્દન. પુષ્ટિમાર્ગના વાસ્તવિક સ્વરૂપને પ્રકાશિત કરવામાં આપણું ‘પુષ્ટિસંસ્કાર’ દીપજ્યોતિની જેમ ઉત્તમ કાર્ય કરતું રહે તેવી શુભભાવના...

સેવ્યસ્વરૂપ

- ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદયશ્રી

→આપણે જોયું કે પ્રભુની સેવા ભક્ત પોતાના ઘરમાં પ્રભુને સર્વ સમર્પણ કરીને કરે છે. તેનો અર્થ એ કે **પ્રભુ આપણા ઘરમાં આપણને અનુકૂલ થાય અને આપણે પ્રભુને અનુકૂલ થઇએ.** આપણી પોતાની જીવનચર્યા પર ધ્યાન આપીશું તો જણાશે કે આપણા જીવનમાં ચાર ક્રમ હોય છે.

(૧) **આપણી નિત્યની દિનચર્યા** - સવારે ઉઠવું, નહાવું, ઘરની સાફસફાઇ કરવી, ઓફિસ જવું, ઘરે આવવું, ભોજન કરવું ... સૂવા સુધીનો સામાન્ય ક્રમ હોય છે.

(૨) **ઋતુ અનુસાર પરિવર્તન** - પહેરવેશ બદલાય, ભોજન પ્રકાર બદલાય, કૂલર/હીટર/છત્રી વગેરેનો ઉપયોગ થાય વગેરે

(૩) **તહેવારની ઉજવણી** - ૧૫મી ઓગસ્ટના ધ્વજવંદન થાય, હોળીના દિવસે રંગોથી રમીએ, દીવાળીના દીપ પ્રજ્વલિત કરીએ વગેરે.

(૪) **ઇચ્છાનુસારી વિશેષ ક્રમ** - સમયની અનુકૂલતા પ્રમાણે સગાસમ્બન્ધીઓને મળવા જઇએ, ફરવા જઇએ, સામાજિક - પારિવારિક કાર્યક્રમોના આયોજનોમાં ભાગ લઇએ વગેરે.

→ જેમ આપણા જીવનમાં આવી વિવિધતા છે તે જ રીતે પ્રભુની સેવાનો ક્રમ પણ આપણા જીવનક્રમ પ્રમાણે જ નિર્ધારિત કરવામાં આવ્યો છે. જેથી આપણું જીવન અને પ્રભુની સેવાનો ક્રમ પરસ્પર સમન્વિત બને અને આપણો સમર્પણભાવ દઢ થાય.

આપણા જીવનક્રમની જેમ જ ભગવત્સેવાક્રમને પણ ચાર પ્રકારે સમજી શકાય છે.

(૧) નિત્યસેવા ક્રમ (૨) ઋતુસેવા ક્રમ (૩) ઉત્સવસેવા ક્રમ (૪) મનોરથસેવા ક્રમ

→ **નિત્યસેવાક્રમ:** જેમ આપણો દૈનિક જીવનક્રમ હોય છે; તેવી રીતે પ્રભુની સેવામાં પ્રતિદિનનો જે સામાન્ય સેવાક્રમ છે તે નિત્યસેવાક્રમ કહેવાય છે.

જેમાં સવારે **પ્રભુને જગાવવાથી અનવસર** સુધીનો ક્રમ જેમાં પ્રભુને જગાવવા, મંગલભોગ, મંગલા આર્તિ, શૃંગાર, માલા ધરાવવી, આરસી દેખાડવી, રાજભોગ, રાજભોગ આર્તિ, અનવસર વગેરે ક્રમ હોય છે.

સાંજે **ઉત્થાપન થી શયન** સુધીનો ક્રમ જેમાં ઉત્થાપન, ઉત્થાપનભોગ, સંધ્યા આર્તિ, શૃંગાર વડા કરવા, શયનભોગ, શયન આર્તિ, પ્રભુને પોઢાવવા વગેરે ક્રમ હોય છે.

→ **ઋતુસેવાક્રમ:** ઋતુ એટલે વાતાવરણનું પરિવર્તન. ઋતુના પરિવર્તનની અનુકૂલતા પ્રમાણે જે સેવાક્રમ નિર્ધારિત થાય છે તેને ઋતુસેવાક્રમ કહેવાય છે.

ભારતમાં સામાન્ય રીતે ત્રણ ઋતુ હોય છે - ગરમી, વરસાદ અને ઠંડી.

ગ્રીષ્મ ઋતુ - ગ્રીષ્મ ઋતુ ક્રમ નો સમય અક્ષયતૃતીયાથી રથયાત્રા સુધીનો હોય છે.

આ સમયે વાતાવરણમાં ગરમી હોય છે તેથી તેને ઉષ્ણકાલ કહેવાય છે. પ્રભુને મલમલના હલ્કા રંગના વસ્ત્રો અને મોતીના તથા છીપના આભરણ ધરાવવામાં આવે છે. ખસના પંખા, ખસના બંગલા, ખસના ટેરા, જલના

ફુવારા, ગુલાબજલનો છિડકાવ, થાલમાં જલ ભરી શ્રીયમુનાજીની ભાવના, ચંદન ધરવું, શીતલ રહે તે માટે રજના કુંજામાં જલ ધરવું વગેરે શીતોપચાર કરવામાં આવે છે.

→ **વર્ષાઋતુ** – રથયાત્રાથી વર્ષા ઋતુ ક્રમનો પ્રારંભ થાય છે.

આ સમયમાં મલ્હાર રાગ ગાવામાં આવે છે. એક મહિના સુધી પ્રભુ હિંડોરામાં ઝુલે છે. આ સમયમાં વિશેષ કરીને લાલ વસ્ત્રો ધરાવવામાં આવે છે. લહેરિયા અને ચુનરીના વસ્ત્રો પ્રભુ ધારણ કરે છે.

શીતઋતુ – દેવપ્રબોધિની એકાદશી (દેવદિવાળી) થી શીતઋતુ ક્રમ નો પ્રારંભ થાય છે.

શીતકાલમાં પ્રભુને ગદલ – ફલગુલ (રૂ ભરેલા વસ્ત્રો) ધરાવવામાં આવે છે. ઝરીના વસ્ત્રો અને ભારે શૃંગાર પ્રભુ ધારણ કરે છે. વધારે ઠંડી હોય ત્યારે પ્રભુ સમ્મુખ અંગીઠી રાખવામાં આવે છે.

આમ જે તે ઋતુના વાતાવરણને અનુરૂપ આપણને ઉપલબ્ધ સુંદર સામગ્રીઓ પ્રભુને સમર્પિત કરવાનો અને આપણા સ્નેહભાવને અભિવ્યક્ત કરવાનો અવસર આપણને ઋતુક્રમથી પ્રાપ્ત થાય છે.

નિત્ય અને ઋતુક્રમ અનુસાર ભગવત્સેવામાં થતા પ્રકારને આપણે સંક્ષેપમાં વિચાર્યા. ઉત્સવ સેવાક્રમ તથા મનોરથ સેવા ક્રમનો વિચાર આવતી પુષ્ટિચિન્તનસભામાં કરીશું.

ग्रन्थपरिचय ८ – विवेकधैर्याश्रय:

विवेकधैर्याश्रय ग्रन्थ में श्रीवल्लभाचार्यचरण ने; 'विवेक' 'धैर्य' एवं 'आश्रय'का सुबोध निरूपण किया है.

जीवमें भगवान् के प्रति अनन्य आश्रयभाव का होना ही उसकी भक्ति की आधारशिला होती है. श्रीवल्लभ; आश्रयका अर्थ समजाते हैं - 'ऐहिके पारलोके च सर्वथा शरणं हरि: - इहलोक एवं परलोक सम्बन्धी सभी विषयो में सर्वथा भगवान् ही शरण हैं'

इस प्रकार के आश्रय की दृढता के लिए जीवको सदा ही 'विवेक' एवं 'धैर्य'की रक्षा करनी चाहिए.

विवेक का अर्थ है - 'हरि: सर्वं निजेच्छात: करिष्यति - हरि सब कुछ अपनी इच्छा से ही करेंगे',

धैर्य का अर्थ है - 'त्रिदु:खसहनं धैर्यम् आमृते: सर्वत: सदा - सभी और से आते तीनों प्रकारके दु:खों को मृत्यु पर्यन्त सदा सहन करना' अर्थात् हमारी अपेक्षा से विपरीत ऐसी किसी भी परिस्थिति में अविचल रह पाने का सामर्थ्य हमारे अंदर पनपना चाहिए.

यह विवेक एवं धैर्य हमारे श्रीकृष्ण के प्रति आश्रयभाव को सुदृढ बनाते हैं.

हम; भगवदाश्रय के सुदृढ धरातल पर अविचल स्थिर रहें इसी भाव के साथ विवेकधैर्याश्रय ग्रन्थ का पाठ एवं अर्थानुसन्धान करना चाहिए.

પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠ અભ્યાસ

- મથુરભાઇ રામાણી, જૂનાગઢ

શ્રેષ્ઠ શ્રીકૃષ્ણ ભક્તિનો માર્ગ :

ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીની અધ્યક્ષતામાં ચાલતી **‘પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠ’** નાં અભ્યાસક્રમ અન્તર્ગત પ્રકરણ-૪માં જણાવેલ ભગવાન શ્રીકૃષ્ણ માનવ કલ્યાણની ઇચ્છાથી ત્રણ યોગ(માર્ગ) કહ્યા છે.

નિર્વિણ્ણાનાં જ્ઞાનયોગો.. કર્મયોગસ્તુ કામિનામ્...
ન નિર્વિણ્ણો નાતિસક્તો ભક્તિયોગોસ્ય સિદ્ધિદઃ
(શ્રીમદ્ભાગવત ૧૧/૨૦/૭,૮)

જેનામાં વૈરાગ્ય છે તેમના માટે જ્ઞાનયોગ છે. જેમને લૌકિક કામનાઓમાં આસક્તિ છે તેમની માટે કર્મયોગ છે અને જે ન તો અતિશય વૈરાગી છે, કે ન તો અતિ કામનાવાળા. તેમનાં માટે ભક્તિયોગ ફલદાયી છે. જ્ઞાન, કર્મ અને ભક્તિ ધ્યેય સુધી પહોંચાડનારા માર્ગો છે. પણ ત્રણેય પર એ સાથે ન ચલાય, ગમે તે એક જ પસંદ કરીને દૃઢતાથી તે માર્ગે ચલાય. ગમે તે વ્યક્તિ ગમે તે માર્ગ પર ચાલી ન શકે. કર્મ માં વિરક્તોને જ્ઞાનયોગ, કર્મસક્તોને કર્મમાર્ગ, ભગવદ્ ઇચ્છાથી ભગવદ્ કથામાં શ્રદ્ધા વાળાને ભક્તિમાર્ગ સુખાવહ થાય છે. આમ, અભિરૂચિથી અધિકાર સ્પષ્ટ બતાવેલો છે. જેવી જેની રૂચિ તેવો તેનો માર્ગ ! રૂચિ પણ સ્વતઃ થતી નથી ભગવાને જેને જે માર્ગે લઇ જવા ઇચ્છેલ હોય તેને તેવી રૂચિ પોતે આપે છે, તેવા કર્મ કરાવે છે, તેવું ફલ આપે છે. ભગવાને આ સૃષ્ટિ પૂર્વે વિચારીત હોય છે અને તેમ જ બને છે. **ભગવાન સૃષ્ટિ પૂર્વકાલ એવૈતસ્મૈ જીવાયૈતત્કાર્મ કારયિત્વૈતત્ફલં દાસ્ય ઈતિ, વિચારિતવાનિતિ તથૈવ ભવતિ ! તત્ફલં દદાતિ... (અણુભાષ્ય ૩-૩-૨૯)**

ભગવાને સૃષ્ટિના પૂર્વકાલમાં જ **‘આ જીવને આ કર્મ કરાવીને આ ફલ હું આપીશ’** એમ વિચારેલું તેથી તેમ જ થાય છે અને તેમ જે જીવનો જે માર્ગમાં અંગીકાર કર્યો હોય તે જીવને તે માર્ગમાં પ્રર્વતાવીને તે ફલ ભગવાન દે છે. આમ, કોઇ ન સ્વતઃ સ્વેચ્છાથી કર્મી બની શકે છે, ન જ્ઞાની, ન ભક્ત ભગવાને જેને જેવો બનાવવા ઇચ્છયો હોય તેવો તે બને છે, જેને ભક્ત બનાવવા ઇચ્છયો હોય તે જીવ ભક્ત બને છે.

શ્રીગીતાજીમાં પણ છેલ્લે અર્જુનને કેવલ કૃપાથી, સુદૃઢ સ્નેહ સ્વકીયતાથી **‘‘મન્મના ભવ...અને સર્વધર્માન્ પરિત્યજ્ય’’** માં કૃષ્ણયોગ જ સ્વતંત્ર કહ્યો છે, પ્રથક્-શરણ માર્ગ કહ્યો છે.

કર્મમાર્ગ આ ફલેચ્છા-આસક્તિ-મમતા છોડાવવા માટે આસક્તિ રહિત નિષ્કામ કર્મ સંપાદન કરવા માટે અર્પણ પદ્ધતિ અપનાવી છે. **વિતંચમે પુત્રંચમે પશુશ્ચમૈ** ધન મારું, પુત્ર મારો, પશુ મારા આ મમતા-સભર સકામ કર્મ વૃત્તિને દેવતાર્પણથી મમતા નિવારક પદ્ધતિથી નિવૃત્તિ દેવાનો પ્રયત્ન દેખાય છે. પરંતુ આ મમતાથી સર્પૂણ નિષ્કામ થવાતું નથી, છતા થવાય તો આ નિષ્કામ કર્મથી અંતે આત્મસુખ કે નિત્ય-સ્વર્ગસુખ મળે.

જ્ઞાનમાર્ગમાં પોતાની અહંતાને બ્રહ્મ સાથે સંબંધિત કરવાનો પ્રયાસ છે **‘‘યોડહમસ્મિ બ્રહ્માહમસ્મિ અહમસ્મિ બ્રહ્માહમસ્મિ અહમેવાહં માં જુહોમિ સ્વાહા’’** હું જે છું, હું બ્રહ્મ છું, હું છું હું બ્રહ્મ છું. હુ જ હુ મને (બહ્મા હોમુ છું, સ્વાર્થ ત્યાગ થાવ.) અહી અહંતાને બ્રહ્મસમ્બન્ધ કરાવવાનો પ્રયત્ન છે. બ્રહ્માગ્નિમાં અહંતાને હોમાય છે. અહમાસ્પદ જીવને બ્રહ્મ માનવામાં વાસ્તવ બ્રહ્મજ્ઞાન છે. વ્યાપક અંશી-બ્રહ્મ સાથે અંશ-જીવની અહંતાને યથાર્થ રૂપમાં જોવાની છે પરંતુ બ્રહ્મને અહમાસ્પદ માની લેવામાં તો, પોતે જ બ્રહ્મ થઇ બેસતાં તો, અહં અત્યન્ત ભભુકી ઉઠે છે. અંશી-બ્રહ્મમાંથી અનેક અંશાત્મક જીવો ઉત્પન્ન થઇ શકે છે. અનેક અંશ રૂપ જીવો મળીને એક અંશી-બ્રહ્મ થઇ શક્તું નથી. **સામુદ્રો હિ તરંગઃ કવચન સમુદ્રસ્તારંગ ઈતિ** તરંગો તો સમુદ્રમાંથી અનેક થાય, અનેક તરંગમાંથી એક સમુદ્ર ન થાય, મોજું સમુદ્રનું હોય, મોજાઓનો સમુદ્ર ન હોય.

આ જ્ઞાન-માર્ગમાં મોટા પડકાર છે પરંતુ અહંતા બ્રહ્મ સાથે જોડાતા બ્રહ્મજ્ઞાનથી તો બ્રહ્માનંદ સુલભ થાય છે.

શ્રીભાગવતમાં સ્પષ્ટ રીતે કહ્યુ છે કે **'તસ્યૈવ હેતોઃ પ્રયતેત કોવિદી ન લભ્યતે પદ્ભ્રમતામુપર્યધઃ । તલ્લભ્યતે દુઃખવદન્યતઃ સુખં કાલેન સર્વત્ર ગંભીર રંહસા।। ૧-૧૫-૧૮** પ્રભુ પોતાના માને તેમ ભક્તિ માટે જ જીવે (પુરૂષે) પ્રયત્ન કરવો જોઇએ. મુર્ખાઓને અન્યત્ર અથડાતા જોઇને કર્મ-જ્ઞાન કે અન્ય કલ્પિત-માર્ગોમાં બુદ્ધિશાળીએ અથડાવાનું ન હોય. ઉપર બ્રહ્મલોક થી લઇને નીચે સ્થાવર સુધીનાં વિવિધ યોનિ-શરીરોમાં ભટકતાં તે બધાથી કે તેમના ધર્મોથી પણ જે નથી મળતું તેને પ્રયત્ન કરવો જોઇએ, કર્મથી આત્મસુખ અને જ્ઞાનથી બ્રહ્માનંદ (ગણિત) મળે, તેમાં પણ આવો પ્રયત્ન કરવા છતા, પુર્ણાનંદ પુરૂષોત્તમ તો પ્રાપ્ત ન થાય. પ્રયત્ન તો કરવાનો હોય, ભગવદ્ભક્તિ માટે! તે ભક્તિ તો અંતિમ જન્મે કેવળ શ્રીકૃષ્ણ કૃપાથી જ સુલભ થાય છે. આથી ભગવદ્ભજન (કૃષ્ણસેવા) માટે જ સમજુ માણસે પ્રયત્ન કરવાનો હોય. શ્રીકૃષ્ણભક્તિ માટે મથે તે જ સાચો સમજુ છે. ભગવાનની મુખ્યતાથી જીવ પોતાની ગૌણતા ગણી લે તે ભક્તિ છે. ભગવાન પોતાના સ્વામી પોતે દાસ, દાસ બને તેને ઉદાસ થવાનો અવસર ન આવે. દુનીયામાં બે વિભાગ દેખાય છે.(૧) ભગવાનનો ભાગ (૨) સંસારનો ભાગ. જીવ સંસારના ભાગમાં ન રહેતા ભગવાનનાં ભાગમાં, ભગવાનનો થઇને રહે તે ભક્તિ છે **'હે! કૃષ્ણ હું તમારો છું, દાસ છું'** આવી ભાવનાથી ભગવાનનાં ભાગમાં રહેવાય. ભગવાનને વશ રહીને પ્રેમપૂર્વક થતી સેવા ભક્તિ છે. આ સેવામાં રૂપ પ્રેમની મુખ્યતા છે પ્રેમ વગરની સેવા તો સગવડ સાચવવા જેવી ક્રિયા માત્ર થઇ જાય, ક્રિયા પણ પ્રેમથી થાય તો તે સેવા બની જાય છે ભક્ત ભગવાનને વશ રહીને પ્રેમ-મુખ્યતાથી કૃષ્ણસેવા કરે તે સાધનદશા છે. તેમાંથી પ્રસન્ન થયેલા પ્રભુ પ્રકટ થઇને ભક્તાનુકૂલ-લીલાઓથી ભક્ત સુખનું સંપાદન કરે ભગવાન વશ થઇને ભક્તની સેવા કરે તે તો ફલદશા છે. **'યે પથામાં પ્રપદ્યન્તે તાં સ્તથૈવ ભન્નમ્યહમ-શ્રીગીતાજી (૪/૧૧)** પ્રભુની સ્પષ્ટ પ્રતિજ્ઞા છે જ. શ્રીભાગવતે તો ભગવાનને ઓળખાવ્યા છે. **'ભગવાન ભક્ત ભક્તિ માન્' ૧૦/૮૬/૫૯** ભગવાન ભક્તોની ભક્તિવાળા છે. ભગવાન ભક્તોની ભક્તિ કરે છે. ભક્તોની અહંતા-મમતા પ્રેમપૂર્વક સેવાથી ભગવાનમાં પૂર્ણ રીતે જોડાઇ જાય છે, કર્મમાર્ગમાં 'ન મમ'ની રૂક્ષતા અને જ્ઞાનમાર્ગમાં 'સોડહમ્'ની શુષ્કતા ખૂચતી રહે છે. ભક્તિમાર્ગમાં તો **'શ્રીકૃષ્ણઃ શરણં મમ'**ની મધુરતા, કોમલતા અને 'દાસોડહમ્'ની આનંદ સભરતા સુંદરતા નિત્ય સરલતાથી માણવા મળે છે. વ્રજાધિપ શ્રીકૃષ્ણની આત્મીયતામાં અંહકાર ઓગળી જાય છે. શ્રીમધુરાધિપતિની મધુરતામાં મમતા મગ્ન થઇ જાય છે. આ છે પુષ્ટિભક્તિમાર્ગની સ્વાભાવિક્તા જેમાં અહંકાર ઓગળતા અને મમતા મગ્ન થઇ જતા તનુ-વિત્તજા સેવા સ્વાભાવિક થઇ જશે. સર્વસ્વ સમર્પણ અસમર્પિત ત્યાગપૂર્વક વ્રજાધિપતિની સેવાનો સ્વધર્મ સિદ્ધ થઇ જશે, ચિત્તનું કૃષ્ણ-પ્રવણ થઇ જશે. કૃષ્ણ કામના તીવ્ર થતી જશે. શ્રીગોકુલેશ્વરના બે ચરણોનું પરોક્ષમાં સ્વાભાવિક સ્નેહ-સંતપ્ત સ્મરણ અને અપરોક્ષમાં ભાવ સભર ભજન પુષ્ટિજીવનો જીવન ફલ શો મોક્ષ મળી જશે. તેથી શ્રીગીતાજીમાં ગોવિન્દ ગાય છે. **યોગિનામપિ સર્વેષાં મદ્ગતેનાન્તરાત્મના । શ્રદ્ધાવાન્ ભજતે યો માં સ મે યુક્તતમો મતઃ (૬-૪૭)** બધાજ યોગીઓમાં પણ મારા(કૃષ્ણ)માં રહેલા અંતઃકરણપૂર્વક જે શ્રદ્ધાળુ મને ભજે છે, મારી સેવા કરે છે તે મને અત્યન્ત યુક્ત લાગે છે, સંમત છે. સાચો આત્મ-સંયમ-યોગ તો આ કૃષ્ણ સેવાથી સધાઇ જાય છે.

●

પુષ્ટિભક્તિમાર્ગ

લેખાંક - ૪૨

- અનસૂયાબેન ઉકાણી-ઉપલેટા

મહિષ્યાદિષુ લક્ષ્મ્યાં ચ યાદવાદિષ્વપિ પ્રભુઃ ।
યથાધિકારં સંયોગં કેવલં દત્તવાન્સ્વતઃ ।।
વિયોગાભાવતો નાત્ર તથા પુષ્ટત્વમુચ્યતે ।

પટરાણીમાં, શ્રીલક્ષ્મીજીમાં અને યાદવાદિમાં યથા અધિકાર પ્રભુએ સ્વતઃ કેવળ સંયોગનું દાન કરેલ છે. આમ વિયોગના અભાવથી અહીં પુષ્ટપણુ કહેવાતું નથી.

વાચિકેન વિયોગેન તથા માનસિકેન ચ ।।
શ્રીમદાદ્યમહિષ્યાં તુ વિશેષઃ કશ્ચનોદિતઃ ।
લક્ષ્મ્યાદિમુખ્યસંયોગો હરિણા નિત્યયોજનમ્ ।।

વાચિક તથા માનસિક વિયોગથી શ્રીમદ્ આદ્ય મહિષી શ્રીરૂકિમણીજીમાં કંઇક વિશેષ પ્રકાર કહેવામાં આવ્યો છે. શ્રીલક્ષ્મીજી આદિનું શ્રીહરિ સાથે નિત્ય રહેવું તે મુખ્ય સંયોગ છે.

કુબ્જાદિક્ષુ તુ સંયોગઃ પરિચ્છિન્નઃ સ્વકાલતઃ।
આવતારિકરૂપેણ લોકરીત્યેવ સર્વથા ।।

કુબ્જા વગેરેમાં તો કાલાનુસાર પરિચ્છિન્ન સંયોગ થયો છે, અને તે સર્વથા અવતાર સ્વરૂપથી અને લોકરીતિને અનુસરીને જ

અન્યેષ્વપિ નિરૂદ્ધેષુ કાલભેદાત્સ્વયોજનમ ।
કાલં તદધિકારેણ તથાલીલાદિભિઃ પુનઃ ।।

અન્ય નિરૂદ્ધ જીવોમાં પણ કાલના ભેદથી આપ સ્વયં જોડાઓ છો, અને તે જીવના અધિકાર અનુસાર તે પ્રકારની લીલા વગેરેથી તેમને ફૂળ મળે છે.

આકાર એકરૂપો હિ સાંમગ્દ્રપિ તથા વિધા ।
વૈધર્મ્યમનુભૂતેર્હિ ક્રિયાભાવવિભેદતઃ ।।
લોક વેદાતીતમેવ વિયોગાત્મપ્રભોર્મતઃ ।
ભાવમાત્રેણાનુભાવો બહિર્વા હૃદયેડપિ વા ।।

આકાર એકરૂપ હોય તેમ સામગ્રી પણ તેવી જ હોય, તથાપિ ક્રિયા અને ભાવના ભેદથી, અનુભવથી વૈધર્મ્ય (વિષમતા) થાય છે, પરંતુ આ વૈધર્મ્ય લોક-વેદથી પર છે. વિપ્રયોગાત્મક પ્રભુનો અનુભવ ભાવમાત્રથી બહાર અથવા હૃદયમાં પણ થાય છે.

યથા વિયોગે સંજાતે સંયોગરસપોષણમ્ ।
તથા ચ પૂર્વં સંયોગઃ પોષણાથોત્તરસ્યે હિ ।।
સ એવ રાસલીલાસ્થત્મકત્તેભ્યોડદાદ્ધરિઃ ફલમ્ ।
‘‘તાસામાવિ’’ રિતિપ્રોક્તઃ સંયોગેનાતિપોષિતઃ ।।

જેમ વિયોગ થતાં સંયોગરસનું પોષણ થાય છે, તેમ પૂર્વે થયેલ સંયોગ, ઉત્તર એટલે વિયોગરસના પોષણ માટે છે. શ્રીહરિએ રાસલીલાસ્થ ભક્તોને ફળરૂપે આપેલ છે. તે જ ‘‘તેઓના મધ્યમાં પ્રગટ થયા’’ આ રીતિથી કહેલ છે એટલે વિપ્રયોગરસ, સંયોગરસથી અતિ પોષિત કરવામાં આવ્યો છે.

સમ્પાદ્ય યોગ્યતાં સર્વૈઃ પ્રકારૈર્મનસિ સ્થિતમ્ ।
ફલં સ્વરૂપભાવાત્મ પ્રાદાત્તત્પરમં ફલમ્ ।।

સર્વ પ્રકારે યોગ્યતા સિદ્ધ કરીને મનમાં રહેલ ભાવાત્મક ફળ સ્વરૂપનું આપે દાન કર્યુ છે તે પરમ ફલ છે.

એતદ્ધાનં લોક વેદાતીતમેવ સ્વરૂપતઃ ।
યશોદોત્સંગલલિતાન્નાન્યસ્માદિતિનિશ્ચયઃ ।।

સ્વરૂપથી દાન લોક વેદાતીત છે, અને તે શ્રીયશોદોત્સંગલાલિત શ્રીકૃષ્ણ છે, અન્યથી નથી એવો નિશ્ચય છે.

નાતઃ પરં ફલં કિંચિદ્ રૂપં નાતઃ પરં હરેઃ ।
સાધનં ભાવતો નાન્યન્માનં ચાચાર્યવાગ્ગણાત્ ।।

આથી કોઇ પરમ ફલ નથી, આથી કોઇ શ્રેષ્ઠ શ્રીહરિનું રૂપ નથી, આ ભાવથી શ્રેષ્ઠ બીજું કોઇ સાધન નથી અને શ્રીઆચાર્યચરણ -શ્રીમહાપ્રભુજીની વાણીના સમૂહથી શ્રેષ્ઠ કોઇ પ્રમાણ નથી.

આમ સચ્ચિદાનંદ શ્રીઅંગવાળા શ્રીહરિનું સ્વરૂપ ફલરૂપ છે. કર્મ, જ્ઞાન, ભક્તિ તથા કૃપાથી યથાધિકાર નિજ ઇચ્છાનુસાર આ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. પ્રભુ શૃંગારરસરૂપ છે, અન્ય રસો શૃંગારરસના યોગથી છે.

(અનુસંધાન પાના નં. - ૧૧ પર)

શિક્ષાપત્ર
લેખાંક-૧૧

- ચંદ્રિકાબેન નરશાણા-જૂનાગઢ

જે જીવ હંમેશા શ્રીકૃષ્ણમાં નિષ્કામ પ્રીતિનો બોધ કરે છે જે નિરપેક્ષ અને સાત્ત્વિક હોય એવા વૈષ્ણવના સંગને સત્સંગ સમજવો. નિર્હેતુક ભક્તિ જે કેવળ પ્રભુની પ્રસન્નતા માટે જ થતી હોય છે. લૌકિક બાબતોમાં અનાસક્ત રહીને જે વૈરાગ્યપૂર્વક સાત્ત્વિક જીવન જીવે છે એવા ભગવદીયનો સંગ જે આપણી ભક્તિને ઉર્ધ્વગામી બનાવે છે. આપણા ભાવને પોષણ આપે એવા વૈષ્ણવના સંગને સત્સંગ કહેવાય. લૌકિક વૈદિક કાપટ્ય ભાવથી નિભાવીને વૈષ્ણવતાને સહજ રંગમાં રંગી દેનારા મહાનુભાવો કે જે પ્રભુના તદીય છે તેનો સંગ કરવાથી જીવન ભક્તિના રંગમાં રંગાતા વાર નથી લાગતી. વરસાદ વરસી ગયા પછી થયેલા સ્વચ્છ આકાશમાં જે રીતે મેઘધનુષનાં રંગો ખીલી ઉઠે છે તે જ રીતે જીવનમાં આવેલા સંઘર્ષોનો વરસાદ વરસી ગયા પછી પ્રભુ સાથે જ્યારે પ્રેમ થઇ જાય છે ત્યારે હૃદય પણ સ્વચ્છ આકાશ જેવું સુંદર બની જાય છે. પછી તેમાં સત્સંગ રૂપી મેઘધનુષથી સુંદર આચ્છાદન થતા ભક્તિ એક અનેરા રંગોથી ખીલી ઊઠે છે. એવા પ્રેમના રંગોથી રંગાયેલું હૃદય પણ બીજી કોઈપણ પ્રકારની કામના કરતું નથી.

આવા રંગમાં રંગાયેલા જીવને જ્યારે શ્રીઆચાર્ય ચરણકમલમાં દ્દઢ આશ્રય થાય છે ત્યારે સોનામાં સુગંધ ભળે છે. શ્રીઆચાર્યજીના ચરણારવિન્દનો આશ્રય ભક્તિને પૂર્ણ કળાએ ખીલવે છે. એવા વૈષ્ણવો જ આપણા સ્વકીય કહેવાય છે અને તેના સંગથી આપણું ભક્તિરૂપી પુષ્પ સોળે કળાએ ખીલી ઊઠે છે.

પરંતુ જેઓ તેનાથી વિરૂદ્ધ છે, જે જીવો દોષ-બુદ્ધિવાળા હોય તો તે વૈષ્ણવ હોવાં છતાં તેનામાં વૈષ્ણવત્વ હોતું નથી એમ સારી રીતે સમજી લેવું. એવી આજ્ઞા શ્રીહરિરાયજી અહિ કરી રહ્યા છે. તેનો સંગ સત્સંગ ન બનતા, દુ:સંગ જ બને છે.

આ માર્ગમાં ચાર તત્વોને સર્વોપરી કહ્યા છે.

શ્રીકૃષ્ણ, શ્રીઠાકોરજી, શ્રીયશોદાનંદન, શ્રીમદ્ આચાર્યચરણ શ્રીમહાપ્રભુજી, શ્રીવિઠ્ઠલેશ્વર, શ્રીગુસાંઇજી અને સર્વ લીલા સામગ્રી સર્વ વ્રજભક્તો સહિત લીલા-પરિકર, એ પુષ્ટિમાર્ગના પ્રાણ તત્વો છે. એનાથી પર કે સમાન આપણાં માર્ગમાં બીજુ કાંઇ જ નથી.

સર્વત્ર એક જ સ્વરૂપ લીલા માટે વિવિધ સ્વરૂપો ધારણ કરીને વિલસી રહ્યું છે. આ પાયાનો સિદ્ધાન્ત છે. જેને જીવનમાં વણી લેવાથી કૃતાર્થ બની જવાય છે.

જે વસુદેવ કીયે પૂરણ-તપ, સો ફલફલિત શ્રીવલ્લભદેહ,
જે ગોપાલ હું તે ગોકુલમૈં, તે આન બસે નિજ ગેહ.
જે વે ગોપવધુ કી વ્રજમેં, સો સબ વેદ ઋચા લઇ જેહ
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ, એઇ તેહી તેહી એહી કછુ ન સંદેહ.....

જેના હૃદયમાં વૈષ્ણવ હોવા છતાં પણ 'ભગવદ્ ભાવનું' બીજ અંકુરિત થયું નથી. તેમની આગળ આ ભાવ-ભાવના, લીલા ભાવના કે સ્વરૂપભાવનાની ક્યારેય વાત પણ ન કરવી. લૌકિક બુદ્ધિથી આસક્ત મનુષ્યો જે ભક્તિથી અને ભગવાનથી વિમુખ છે તેની પાસે ક્યારેય ભાવને પ્રગટ ન કરવો. બહારના ધર્મમાં અન્યાશ્રિત જીવોને આ બધુ જ્ઞાન ક્યારેય ન થઇ શકે. દોષ દૃષ્ટિ કેળવીને જીવનારા જીવોને બધામાં દોષના જ દર્શન થાય છે.

જે જીવ વલ્લભના શરણે આવીને પણ વિષયગામી બનતો જાય છે તેના માટે આ ત્રીજું શિક્ષાપત્ર રેડ લાઇટ કરે છે. જો પ્રભુકૃપાથી તેના હૃદયમાં આ સિદ્ધાન્તોનો પ્રકાશ થાય તો જ ભક્તિ

તેજોમય પ્રકાશથી પ્રકાશીત થાય અને ત્યારે તે તેજમાં તે પ્રકાશમાં પ્રભુના પ્રસન્ન મુખારવિંદનું દર્શન તેના સેવકને થયા વગર રહેતું નથી.

માટે ભક્તિને પ્રેમપૂર્વક-આદરપૂર્વક શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિપૂર્વક કરવામાં આવે તો તેનો ભગવદ્‌ભાવ સત્સંગ દ્વારા સુદૃઢ થાય છે. માટે વૈષ્ણવોએ હંમેશા સત્સંગનો આગ્રહ રાખવો.

શ્રીઆચાર્યચરણની ભક્તિવર્ધિની ગ્રન્થમાં થયેલી આજ્ઞા...

અતઃ સ્થેયં હરિ-સ્થાને તદીયૈઃ સહ તત્પરૈઃ ॥
અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ ॥૮॥
સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્ દૃઢા ભવેત્ ॥
યાવજ્-જીવં તસ્ય નાશો ન ક્વાપીતિ મતિર્ મમ ॥૯॥

ને હૃદયારૂઢ કરીને દુઃસંગ છોડીને સત્સંગ તરફ જ ગતિશીલ રહેવાનું છે.

(પુષ્ટિભક્તિમાર્ગ અનુસંધાન પાના નં. - ૦૯)

જ્ઞાન માર્ગમાં ગણિતાનંદ અક્ષરબ્રહ્મ ફલરૂપ છે, જ્યારે ભક્તિમાર્ગમાં અગણિતાનંદ પરબ્રહ્મ પુરૂષોત્તમ ફલરૂપ છે. જ્ઞાનયુક્ત ભક્તિમાર્ગમાં પુરૂષોત્તમમાં પ્રવેશ (સાયુજ્ય) ફળ છે, જ્યારે પુષ્ટિભક્તિમાર્ગમાં પ્રભુના સ્વરૂપાનંદની પ્રાપ્તિ ફલરૂપ છે. આ સ્વરૂપની પ્રાપ્તિ સંયોગ અને વિપ્રયોગ ઉભય ભાવથી યથા યોગ્ય વરણ અનુસાર થાય છે.

દ્વારકા સ્થિત પટરાણીઓ, શ્રીલક્ષ્મીજી અને યાદવોને યથાધિકાર પ્રભુએ કેવળ સંયોગનું દાન કર્યુ છે. પરંતુ રાસલીલાસ્થ વ્રજભક્તોને તો વિપ્રયોગાનુભવ કરાવી અંતે ઉત્તમોત્તમ સ્વરૂપાનંદનું દાન કર્યુ છે.

સ્વરૂપાનંદનું દાન લોકવેદાતીત છે અને તે જ પરમ ફલરૂપ છે અને તે શ્રીયશોદોત્સંગલાલિત શ્રીનંદનંદન જ આ દાન કરે છે, અન્ય કોઇ નહિ.

ક્રમશઃ

ફેબ્રુઆરી માસના અંકનાં પુષ્ટિપાઠશાલા વૈષ્ણવબાલ એક્ટીવિટીનાં ઉત્તરો :

૧. કોયડા : (૧) શ્રીરાધીકાજી (૨) શ્રીમદ્ ગોકુલ (૩) શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા (૪) ષોડશગ્રન્થ

૨. શબ્દપૂર્તિ : (૧) રમણરેતી (૨) ગંગાસાગર (૩) શ્રીચરણાટ (૪) શ્રીસોરમજી (૫) વિદ્યાનગર (૬) શ્રીચંપારણ્ય (૭) શ્રીઅસારવા (૮) શ્રીવૈશ્વાનર (૯) શ્રીવ્રજેશ્વર (૧૦) સૂરદાસજી

પુષ્ટિસંસ્કાર

માસિકની માલિકી તથા બીજી બાબતને લગતી વિગતો

ફોર્મ-૧

પ્રકાશન સ્થળ : **પુષ્ટિફાઉન્ડેશન**
મોટી હવેલી,
પંચહાટડી ચોક પાસે,
જૂનાગઢ-૩૬૨૦૦૧
પ્રકાશનની સામયિકતા : માસિક
મુદ્રક-પ્રકાશક : જયેન્દ્રભાઇ ભીમજીભાઇ તન્ના
તન્ત્રી : કમલકુમાર ગોરધનભાઇ સેજપાલ
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામુ : મોટી હવેલી,
પંચહાટડી ચોક પાસે,
જૂનાગઢ-૩૬૨૦૦૧
માલિક : **પુષ્ટિફાઉન્ડેશન**
સરનામુ : મોટી હવેલી,
પંચહાટડી ચોક પાસે,
જૂનાગઢ-૩૬૨૦૦૧

હું જયેન્દ્રભાઇ ભીમજીભાઇ તન્ના આથી જાહેર કરૂ છું કે, ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા પ્રમાણે ખરી છે. - તા. ૨૫/૦૨/૨૦૧૬

જયેન્દ્રભાઇ ભીમજીભાઇ તન્ના

શ્રીબેઠક ચરિત્ર માહાત્મ્ય

- નરોત્તમદાસ તન્ના - બાંટવા

શ્રીઆચાર્ય મહાપ્રભુજીનાં ૧૪માં બેઠકજી શ્રીસુંદરશીલાનાં બેઠકજીનું ચરિત્ર.

સુંદરશીલાની સામે છોંકરની નીચે શ્રીઆચાર્યજી આપ બિરાજ્યા. ત્યાં પ્રથમ આપે શ્રીગોવર્ધનની પૂજા કરી. દીપમાલીકા કર્યા અને અન્નકુટનો ઉત્સવ કર્યો, આ બેઠકમાં શ્રીઆચાર્યજી આપે સવાશેર ભાતનો અન્નકુટ કર્યો હતો અને તેના દર્શન શ્રીગુસાંઇજીએ શ્રીગોકુલનાથજી અને શ્રીશોભાબેટીજીને અદ્‌ભુત અલૌકિક કરાવ્યા હતા. તે વાર્તા વચનામૃતમાં પ્રસિદ્ધ છે. એક સમયે ત્યાં શ્રીઆચાર્યજી ભોજન કરીને છોંકરના વૃક્ષ નીચે પોઢયા હતા. દામોદરદાસની ગોદમાં મસ્તક ધરીને પોઢયા હતા, ત્યારે તે સમયે શ્રીનાથજી ત્યાં પધાર્યા. ત્યારે દામોદરદાસજી હાથનો ઇશારો બતાવીને બિરાજ્યા હતા કે અહિં મત પધારો. (આવો નહિ) તો ત્યારે શ્રીનાથજી ત્યાંજ ઠાડા થઇ રહ્યા, ત્યારે આપના નુપુરનો અવાજ સાંભળીને શ્રીઆચાર્યજી આપ જાગી ગયા, પણ શ્રીનાથજી તો ત્યાં ઠાડા થયેલા હતા, ત્યારે આપે શ્રીનાથજીને આપની ગોદમાં બેસાડીને કપોલનો સ્પર્શ કરી ચુંબન કર્યુ, તો આ ચરિત્ર આપે સુન્દર શીલાની બેઠકમાં પ્રગટ કર્યુ. અને બીજા પણ અનેક ચરિત્ર દેખાડયા છે તેમાં આ મુખ્ય છે. તેનું વર્ણન છે.

શ્રીસુંદરશીલાની -શ્રીમદ્‌ ભાગવત સંગતી

અહીં આપશ્રીએ દીપમાલીકા ઉત્સવ (દિવાળી) અને સવાશેર ભાતનો અન્નકુટ શ્રીગિરિરાજને આરોગાવ્યો હતો. આ શ્રીઠાકુરજીની બાલ લીલાનું સ્મરણ માત્ર છે, કીર્તનોમાં કહ્યુ છે સુંદરશીલા ખેલન કી ઠૌર આ સુંદરશીલા ગિરિરાજ પર્વતમાં જ્યાં છે ત્યાં નંદરાય અને યશોદાજીની પ્રાથમિકતા છે, શ્રીકૃષ્ણ જન્માષ્ટમીની સેવાનો જન્મ અહીંથી થયો છે, શ્રીગોવર્ધનધારણની લીલા પછી શ્રીઠાકોરજી જ્યારે પણ અહીં ખેલવાને માટે પધાર્યા ત્યારે પાછલી સ્મૃતિ (યાદ)માં અન્નકુટનો ખેલ ખેલ્યા, તેની સ્મૃતિમાં આચાર્યશ્રીએ અહીં અન્નકુટમાં માત્ર સવાશેર ભાતની સખડી આરોગાવી. એમ તો અહીં સખડી આરોગાવવાનો રિવાજ શ્રીગુસાંઇજીએ રાખ્યો નથી કારણ કે અહીં રસનુ માહાત્મ્ય વધારે છે. ‘પોતના’ અને ‘ખાસા’ આ સ્થાનમાં સારી રીતે થઇ શકે તેમ નથી અને દર્શનાર્થી ભગવદીય પછીના દિવસે જ્યારે અહીંથી રજ માથા ઉપર લગાવીને મુખમાં મુકીને પોતાને ઘરે સેવા કરશે તો તેમને ત્યાંનું દૂધઘર અને અનસખડી પણ સખડી થઇ જશે, કારણ કે માથા ઉપર લાગેલી રજ છે એને લુછી (હટાવી) શકતા નથી, શ્રીઠાકોરજીએ જ્યારે અન્નકુટ આરોગ્યો હતો ત્યારે સાત દિવસની રાત-દિવસવાળા વરસાદથી શુદ્ધિ થઇ ગઇ હતી.

દામોદરદાસ હરસાનીજીની ગોદમાં શ્રીમહાપ્રભુજી આપશ્રી જ્યારે પોઢયા હતા, ત્યારે શ્રીનાથજી મળવા આવ્યા હતા ત્યારે તેમને રોક્યા હતા. કારણ કે આપતો બાલક છો ગોદીમાં આવશો તો ખેલવા લાગશો. શ્રીમહાપ્રભુજીની નીંદ્રા તુટી જશે અને એ નીંદ્રા ન હોતી, ભગવદ્‌ સુખ વિચારવાની ગંભીર તંદ્રા હતી. તો આપના સુખોમાં ઉણપ આવશે. ‘‘આપ બાલક હૈ’’ એટલા માટે શ્રીનાથજીને રોક્યા, શ્રીમહાપ્રભુજીમાં દામોદરદાસજીનો અલૌકિક ગુરૂભાવ હતો. કેટલીકવાર શ્રીઠાકુરજી જોવા માંગે છે કે અમારા ધર્મજ્ઞાઓના (શ્રીમહાપ્રભુજીના) સેવક કેવા છે? અહીં દામોદરદાસજીએ શ્રીમહાપ્રભુજીમાં અદ્વિતિય સ્વામિનીભાવ જાણ્યો છે. રાસ પંચાધ્યાયીમાં શ્રીકૃષ્ણએ જ્યારે ગોપીઓને ધર્મોપદેશ આપ્યો છે. તો ત્યાંના ઉપસ્થિત પ્રણય ગીતમાં સ્વામિની ભાવવાળી ગોપીઓએ શ્રીઠાકુરજીને બોલતા અટકાવ્યા, ‘આપ ઐસા કહને કે યોગ્ય નહીં હો, આપકો ખાલી બોલને કી આદત હૈ, કબ ક્યા બોલના ચાહિયે યહ જાનકારી

નહી હૈ,’ એ આશયને (કારણે) ધ્યાનમાં રાખીને દામોદરદાસજીએ કહી દીધું ‘કૃપયા ન પધારે’ અહીં શ્રીઠાકોરજીને શ્રીમહાપ્રભુજીએ ગોદમાં બિરાજમાન કરાવીને કપોલોનો સ્પર્શ કર્યો છે. આપને નંદરાયજીના સમયની સ્મૃતિ આવી ગઇ, ‘ગોદ બેઠે ગોપાલ કહત નંદરાય સો’.

કીર્તન સંગતી રાગ – બિહાગ

પોઢીયે લાલ નિવાસ અટારી।।
લલિતાદિક સખીન જુર આઇ ફુલી રહી ફુલવારી।।૧।।
રત્ન જટિત હીરા કે કરોરા ધરે અરગજા સંવારી।।
અતિ અનુરાગ પરસ્પર દોઉ કરત લેપન પિય પ્યારી ।।૨।।
વૃંદાવન કી સઘન કુંજમે કુસુમન રાવટી સંવારી।।
સૂરદાસ બલ બલ જોરી પર તન મન ધન કીને બલિહારી.

(ક્રમશઃ)

સાચા જ્ઞાનનો પ્રકાશ

એક વખત શ્રીગુસાંઇજી ઉજ્જૈન પધાર્યા હતા. કૃષ્ણભટ્ટને ઘરે મુકામ હતો એક રાત્રે કેટલાક કર્મકાંડી બ્રાહ્મણોએ શ્રીગુસાંઇજીની પાસે આવીને ફરીયાદ કરી કે તમાર કૃષણભટ્ટ અમારી જેમ નિયમિત રીતે વેદમાં બતાવેલા કર્મો કરતા નથી. અમારાથી તેમની જાતને વધારે શુદ્ધ માને છે અમાર સ્પર્શથી તેઓ છોવાય જાય છે આવું કેમ? ત્યારે શ્રીગુસાંઇજીએ તેમને સમજાવ્યું કે જુઓ, શ્રીગીતાજીમાં ભગવાને કહ્યું છે કે મારૂં કર્મ કરનારા એટલે કે મારી સેવા કરનારા મનુષ્યો જો કોઇ વેદોક્ત કર્મ ચુકી જાય તો તેત્રીસ કોટી દેવાતાઓ તેનું બાકી રહેલું કર્મ કરી આપે છે. આ ભક્તિનો પ્રતાપ છે. અમારા બ્રાહ્મણ વૈષ્ણવો વેદ કર્મ તો કરે જ છે. પરંતુ સેવાના સમયમાં સેવા છોડીને કરતા નથી કર્મમાર્ગ કરતા ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે. તે વાત તમને સવાર પડ્યે સમજાશે. હવે બ્રાહ્મણો ગુંચવાયા તેમણે કહ્યું કે મહારાજ કોઇ વાત સમજવામાં રાત કે સવારથી શું મતલબ? ત્યારે શ્રીગુસાંઇજીએ સમજણ પાડી કે જુઓ રાત્રે અંધકાર હોય, સવારે સુર્યોદય થતાં પ્રકાશ થાય તેમ તમારા હૃદયમાં ભગવદ્કૃપાથી સાચા જ્ઞાનનો પ્રકાશ થશે. ત્યારે સત્યનું સાચું સ્વરૂપ તમને સમજાશે. આમ શ્રીગુસાંઇજીએ બ્રાહ્મણોના મનનું સમાધાન કર્યુ.

એક દિવસ સો વૈષ્ણવો સાથે મળીને કૃષ્ણભટ્ટને ત્યાં આવ્યા. કૃષ્ણભટ્ટે તેમને પ્રમેથી આવકાર્યા. એક વૈષ્ણવે વિનંતી કરી, ભટ્ટજી અમારી એક મુંજવણ છે શ્રીઠાકોરજી કેવી રીતે પ્રસન્ન થાય. અપ તેનો ખુલાસો કરવાની કૃપા કરો ત્યારે કૃષ્ણભટ્ટે કહ્યું, જુઓ વૈષ્ણવો શ્રીઠાકોરજી ત્યારે જ પ્રસન્ન થાય જ્યારે વૈષ્ણવ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીએ સેવાની જે પ્રણાલીકા આપી છે તે પ્રમાણે શુદ્ધ ભાવથી શ્રીઠાકોરજીની સેવા કરે તો શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીની કાનીથી શ્રીઠાકોરજી તે સેવા માને. હવે એક વૈષ્ણવે પૂછયું કે ભટ્ટજી શ્રીઠાકોરજીએ આપણી સેવા માની એવું ક્યારે જાણીએ? ત્યારે કૃષ્ણભટ્ટ ખુલાસો કરતાં કહ્યુ કે, જુઓ વૈષ્ણવ તેનો ચાર પ્રકારે અનુભવ પ્રાપ્ત થાય છે. પહેલો પ્રકાર એ છે કે કોઇ વૈષ્ણવ અનાયાસ આપણા ઘરે આવે અને આપણે આપણી શક્તિ પ્રમાણે તેમનું મહાપ્રસાદ વગેરેથી સમાધાન કરીએ ત્યારે જાણવું કે શ્રીઠાકોરજી આપણી સેવા પ્રસન્નતાથી અંગીકાર કરી છે અને આપ આરોગ્યા છે. હવે બીજો પ્રકાર એ છે કે સેવા કરતાં કરતાં આપણા મનમાં શ્રીઠાકોરજીનાં સ્વરૂપ વિશે આનંદ વધે ત્યારે માનવું કે શ્રીઠાકોરજીએ આપણી સેવા અંગીકાર કરી છે. હવે ત્રીજો પ્રકાર એ છે કે આપણે જે દિવસે ભાવથી શ્રીઠાકોરજીને જે શૃંગાર ધરીએ તે ભાવનું સ્વરૂપ ધારણ કરી શ્રીઠાકોરજી તેમના દર્શન કરાવે ત્યારે માનવું કે તેમણે આપણી સેવા અંગીકાર કરી છે. હવે ચોથો પ્રકાર એ છે કે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીની કાનીથી આપણે શ્રીઠાકોરજીને ભોગ ધરીએ ત્યારે શ્રીઠાકોરજી તે આરોગ્યા પછી તે મહાપ્રસાદમાં અલૌકિક સ્વાદ આવે અને મહાપ્રસાદ ઘટે નહી ત્યારે માનવું કે શ્રીઠાકોરજીએ આપણી સેવા પ્રસન્નતાથી અંગીકાર કરી છે. આવી ભગવદવાર્તા કૃષ્ણભટ્ટને ઘરે રોજ થતી.

– બચુભાઇ ડોબરીયા, મોટાગુંદાળા

પુષ્ટિ-ચિન્તન

– હિમાંશુ પાઘડાર, જૂનાગઢ

૧		■	■	■	■	■	■	૨	■	■
	■	૩			■	૪	■	૫		
	■	■	■	■	■		■		■	■
	■	■	૬				■	૭		૮
૯	૧૦		■	■	■		■		■	
■		■	■	■	■	■	૧૧	■	■	
■		■	૧૨		■	૧૩				■
■	■	■		■	■	■		■	■	૧૪
૧૫					■	■	૧૬			
	■	■	■	■	■	■	■	■	■	
■	■	■	૧૭			■	૧૮			

આડી ચાવીઃ-

૧. સત્યલોક ક્યું લોક છે? (૨)

૩. સુદામાનાં ધર્મપત્નિ. (૩)

૫. પ્રભુનો એક અવતાર. (૩)

૬. ક્ષત્રિયના ત્રણ ધર્મમાંથી એક. (૪)

૭. શ્રીસ્વામિનીજીના યુથનાં એક સખી. (૩)

૯. શ્રીઆચાર્યજી શ્રીદામોદરદાસ હરસાનીજીને શું કહી પુકારતા? (૩)

૧૨. હૃદયની સાત પ્રકારની સંસારમાં બાંધનારી ગ્રન્થીઓ માંથી એક, જે છુટતા ભગવાનના સ્વરૂપની પ્રાપ્તિ થશે અને 'મુક્તિ' મળશે. (૨)

૧૩. બ્રહ્મચર્યનાં ચાર પ્રકારમાંથી વર્ષ પર્યંત વેદવ્રત રૂપ એક પ્રકાર. (૪)

૧૫. સત્સંગશીલ સેવકના ચાર ગુણમાંથી એક.(૫)

૧૬. ૩૨ લક્ષણવાળા શ્રીશુકદેવજીના અંતઃસ્થિતિ રૂપ આઠ ગુણોમાંથી એક ગુણ. (૪)

૧૭. પરબ્રહ્મનું સાકાર સ્વરૂપ એટલે. (૩)

૧૮. મથુરાથી દક્ષિણ-પશ્ચિમ દિશામાં ૪-૫ માઇલ દૂર મહોલી ગાંવ પાસે આવેલું એક વન. (૪)

ઊભી ચાવીઃ-

૧. મનુ મહારાજનાં બે પુત્રમાંથી એક પુત્ર. (૫)

૨. વિ.સં. ૧૫૮૨માં આગ્રામાં વિષ્ણુદાસ છીપાને પોતાના (પુષ્ટિભક્તિ) માર્ગનો સિદ્ધાન્ત સમજાવતા 'સિદ્ધાન્તમુક્તાવલી' વગેરેમાં કહેલ (પ્રોક્ત) સેવા સિદ્ધ થતાં, સેવા દરમ્યાન થતાં ફલ, (અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય, વૈકુંઠાદિમાં સેવાપયોગી દેહ) અને તેમાં થતાં પ્રતિબંધ (ઉદ્વેગ, ભોગ)નું સ્વરૂપ તથા તેને દૂર કરવાનાં ઉપાયો દર્શાવવા શ્રીમહાપ્રભુજીએ આ ગ્રન્થની રચના કરી છે. (૫)

૪. ઋષિઓએ કહેલા પાંચ યજ્ઞો માંથી ચાન્દ્રાયણ આદિ વ્રતોથી થતા યજ્ઞ. (૪)

૮. એક ગુણ. (૩)

૧૦. સત્સંગ ઇચ્છનાર માટેના ત્રણ સુલક્ષણો માંથી એક. (૩)

૧૧. ઉપવેદોના પ્રકટ કર્તા. (૪)

૧૨. શાસ્ત્રની દૃષ્ટિએ જાણવા જેવા ચાર તત્ત્વો માંથી એક તત્ત્વ. (૩)

૧૪. ચોવીસ ઉપવનમાંથી એક. (૪)

૧૫. બે પરમાણુ = ૧ …….. (૨)

(ઉત્તર પૃષ્ઠ ૧૬ પર)

પુષ્ટિ સિદ્ધાન્ત

લેખાંક - ૮

- નિધિબેન વૈશ્નાણી, ગોલાધર

પ્રસાદ એટલે શું? પ્રત્યેક પ્રસાદ સમર્પિત કહેવાય? તેમજ શું પ્રત્યેક પ્રસાદ આપણે લઇ શકીએ?

પ્રસાદ એટલે પ્રભુએ કે ગુરૂએ પ્રસન્નતા પૂર્વક કૃપા કરવા પોતે અંગીકાર કરેલી સામગ્રી. જે લેવાથી કે ગ્રહણ કરવાથી સેવકનું હિત જ થાય. તે સેવક સંસારમાં રહી માયાના પ્રભાવથી મુક્ત થઇ, ભગવદાસક્ત થઇ ભક્તિ કરવા આગળ વધે, તેવી ગુરૂની કે પ્રભુની ઇચ્છાવાળા અને ભાવવાળા વ્યવહારનું સ્વરૂપ તે પ્રસાદ.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે. બ્રહ્મસમ્બન્ધી જીવનું મુખ્ય કર્તવ્ય અસમર્પિતનો ત્યાગ છે. અર્થાત્ બ્રહમસમ્બન્ધ તેમણે જ લેવું જોઇએ. જેનો આગ્રહ સમર્પિત જીવન જીવવાનો હોય (પરંતુ ક્યાંય પણ પ્રસાદી જ લેવું તેવું જણાવતા નથી. કેમ કે પ્રસાદ લેવાનું વિકલ્પ રૂપે છે.)

સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થ પર ટીકાકારો જ વાત સમજાવે છે એનો સાર એ છે કે સમર્પિત એટલે બ્રહ્મસમ્બન્ધી સેવક, પોતાની સત્તાની નિવેદિત કરેલી ચીજ-વસ્તુ (સામગ્રી) પોતાના ઠાકોરજીને સમર્પે (ધરે) અને પછી પોતાના ઉપયોગમાં લે તો તે સમર્પિત લીધેલું કહેવાય. જ્યારે એ વ્યક્તિ બીજાને ઘરે જાય ત્યારે તે સામેની વ્યક્તિની સત્તાનું તેના ઠાકોરજીને ધરેલું લે છે. ત્યારે આવનારી વ્યક્તિ જે લે છે તે વ્યક્તિ સમર્પિત નથી લેતી પણ પ્રસાદી લે છે. તેવો ભાવ છે (આમ, પ્રસાદી પણ બ્રહ્મસમ્બન્ધી વ્યક્તિની સમર્પિત સામગ્રીનું તેના ઠાકોરજીને ધરેલું જ હોવું જોઇએ.)

ઉદાહરણ રૂપે આપણે ઘરે ગુરૂદેવ પધારે, આપણા ઠાકોરજીને ધરેલુ દુધઘર-જલ-સુકોમેવો ઇત્યાદી આરોગે તો તેમણે પ્રસાદ આરોગ્યો તેમ કહેવાય. જ્યારે ઘરની વ્યક્તિ લે તો તે તેણે સમર્પિત લીધેલું કહેવાય. ગુરૂદેવ પણ પોતાના ઘરે પોતાની સત્તાનું, પોતાના શ્રીઠાકોરજીને સમર્પેલું લે તો તે સમર્પિત લીધેલું કહેવાય અને તે જ ચીજવસ્તુ અન્ય વૈષ્ણવને આપે તો તે પ્રસાદ કહેવાય. (અહીંયા સમર્પણ કરેલું એટલે બ્રહ્મસમ્બન્ધ અંતર્ગત કરેલું નિવેદન)

શ્રીગોકુલનાથજીના અનન્ય કૃપાપાત્ર સેવક કલ્યાણ ભટ્ટે આપશ્રીને એક દિવસ પુછયું, ''કૃપાનાથ! તાદશી વૈષ્ણવ કેવા હોય?'' આપશ્રીએ પ્રત્યુતરમાં કહ્યું કે તાદશીને માથે શીંગડા નથી હોતા. ક્યારેક દર્શન કરાવીશ.

એક દિવસ શ્રીગોકુલનાથજીનો પ્રાકટ્યદિન હતો. વૈષ્ણવો આપને પ્રાણથી પણ પ્યારા ગોકુલના સૌ વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવવાનો આપશ્રીએ મનોરથ કર્યો. સૌ વૈષ્ણવો આવ્યા પાતર પીરસાવા લાગી શ્રીગોકુલનાથજી પધાર્યા જય બોલાય પ્રસાદ લેવાની શરૂઆત થઇ. એક વૈષ્ણવે આપશ્રી પાસે આવીને વિનંતી કરી! કૃપાનાથ એક વૈષ્ણવ પ્રસાદ નથી લેતા. આજના મંગલ દિવસે રડે છે. શ્રીગોકુલનાથજી ત્યાં પધાર્યા અને વાત્સલ્યથી પુછયું વૈષ્ણવ શું થયું? વૈષ્ણવે કહ્યું, જેજે મારા શ્રીઠાકોરજીને આજે હું શાક-રોટી આરોગાવી શક્યો છું આપની આજ્ઞા થતાં હું આવ્યો છું પરંતુ મારા શ્રીઠાકોરજી આ પાતરની સામગ્રી આરોગ્યા નથી. તે લેવા હાથ ઉપડતા નથી. શ્રીગોકુલનાથજીએ આજ્ઞા કરી, વૈષ્ણવ તમને ધન્ય છે. તમે પુષ્ટિભક્તિ પચાવી છે. હું તમારા ઉપર પ્રસન્ન છું તમે સુખેથી ઘરે જાવ.

શ્રીગોકુલનાથજીએ ત્યાં ઉભેલા કલ્યાણ ભટ્ટને આજ્ઞા કરતા કહ્યું કે આ તાદશી વૈષ્ણવ કોટીમાં એવા વીરલા હોય. આ વૈષ્ણવનો ભાવ કેટલો સુંદર અને દિવ્ય છે કે આ પ્રસાદ તો છે. શ્રીગોકુલનાથજી દ્વારા પ્રભુને સમર્પિત પણ થયેલો છે. પરંતુ મારા માથે બિરાજતા શ્રીઠાકોરજીને સમર્પિત નથી. મારા પ્રભુ આ સામગ્રી આરોગ્યા નથી તેથી હું પણ કેવી રીતે લઇ શકું?

શ્રીમહાપ્રભુજી દરેક બ્રહ્મસમ્બન્ધી જીવને સમર્પિત લેવાનું જ કહે છે. અર્થાત્ પોતાની સતાનું પોતાના ઠાકોરજીને ધરેલું જ લેવાનું કહે છે. આમ સમર્પિત એટલે પોતાના ઠાકોરજીને પોતાની જ સતાનું (પોતાની અહંતા મમતા સાથે જોડાયેલું) બ્રહ્મસમ્બન્ધ અંતર્ગત નિવેદિત કરેલું ધરવામાં આવે તો તે સમર્પિત કહેવાય અને પ્રસાદી એટલે સામેની વ્યક્તિએ પોતાના શ્રીઠાકોરજીને પોતાની સતાનું બ્રહ્મસમ્બન્ધ અંતર્ગત નિવેદિત કરેલું ધરવામાં આવે છે. (ત્યારે તેના માટે અને તેના નિવેદિત ઘર-પરિવાર વગેરે માટે તે સમર્પિત કહેવાય) જ્યારે બીજા વૈષ્ણવો લે છે. તો તેમના માટે પ્રસાદી કહેવાય.

આમ સંપ્રદાય અંતર્ગત પ્રભુ તે જ પદાર્થને સામગ્રી તરીકે સ્વીકારે છે જે સમર્પણ અંતર્ગત નિવેદીત કરેલી હોય એટલે કે સેવકની પોતાની સતાની હોય. ઉત્તમમાં ઉત્તમ હોય પ્રભુના સુખાર્થે પોતાના જ ઘરમાં પોતાના શ્રીઠાકોરજીને ધરવામાં આવે આવી સામગ્રીને શ્રીઠાકોરજીએ શાસ્ત્રમાં સ્વયં કહેવા વચનો અનુસાર અને સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થમાં શ્રીમહાપ્રભુજીએ બતાવ્યા પ્રમાણે દોષની નિવૃત્તિ કરી, સેવકના હિતમાં પ્રસાદ સ્વરૂપે પ્રગટ કરે છે. આવો પ્રસાદ લેવાથી શાસ્ત્રાજ્ઞાનુસાર તેને ગ્રહણ કરનાર સંસાર-સાગરને તરવા માટે સક્ષમ બને છે. અર્થાત્ તે પ્રસાદ ગ્રહણ કરનાર સંસારાસક્ત નથી થતો, માયાને આધીન નથી થતો પણ ભગવદાસક્ત બને છે. એટલા માટે જ શ્રીમહાપ્રભુજીનો આગ્રહ સંપ્રદાય અંતર્ગત સેવકોને એ જ છે કે અસમર્પિતનો ત્યાગ કરો.

શ્રીમહાપ્રભુજીના વચન અનુસાર : દેવદ્રવ્યનો પ્રસાદ, ગ્રહણનો પ્રસાદ, શાસ્ત્ર વિરૂદ્ધ આવેલી સામગ્રીનો પ્રસાદ, શાસ્ત્ર વિરૂદ્ધ આચરણથી કમાયેલ દ્રવ્યનો પ્રસાદ, શ્રીઠાકોરજીને પરિશ્રમ દૂર કરવા માટે ધરેલા પરિશ્રમ ભોગનો પ્રસાદ વગેરે શ્રીઠાકોરજીનો પ્રસાદ છે છતાં પણ લેવા નું નિષેધ છે. જો લેવામાં આવે તો ગુરૂઆજ્ઞા (શ્રીમહાપ્રભુજીની આજ્ઞા) ભગવદ્ આજ્ઞા, શાસ્ત્રની આજ્ઞા ઉલ્લંઘનો દોષ લાગે છે.

આમ, સામગ્રી તે જ પદાર્થ બની શકે છે. જે સમર્પિત હોય અને સમર્પણ તેનુ જ થઇ શકે છે જે પોતાની સતાનું હોય અને પ્રભુને બ્રહ્મસમ્બન્ધ દ્વારા નિવેદીત કરેલું હોય.

હવે પ્રસાદ લેનારે વિચારવાનું છે કે, કઇ વસ્તુ ક્યારે પ્રસાદ તરીકે લઇ શકાય?

વિશેષ નોંધ

પુષ્ટિસંસ્કાર વાચક વૈષ્ણવો,

નવા વર્ષનું લવાજમ જો શરતચૂક થી ભરવાનું બાકી રહી ગયું હોય તો આપની આસપાસના માનદ્ પ્રતિનિધિ અથવા મુખ્ય કાર્યાલયનો તુરંત સમ્પર્ક કરશોજી.

તન્ત્રી

પુષ્ટિચિન્તન (પૃષ્ઠ ૧૪)ના ઉત્તરઃ

આડી ચાવીઃ- (૧) ઉર્ધ્વ (૩) સુશીલા (૫) વામન (૬) શત્રુજય (૭) લલિતા (૯) દમલા (૧૨) પુત્ર (૧૩) પ્રજાપત્ય (૧૫) અલ્પભાષણ (૧૬) મધુવન

ઊભી ચાવીઃ- (૧) ચંપ (૨) પુષ્કર (૪) મન (૫) ગન્ધર્વ (૬) સમ્મર્દન (૭) કઠોપનિષદ (૮) વંદન (૯) ગંગાસાગર (૧૨) સાધિદૈવ (૧૪) સાંખ્યાયન (૧૬) વશિષ્ઠ

નોંધ : શ્રીપુષ્ટિસંસ્કાર સંસ્થાન મુખ્ય કાર્યાલય ઉત્સવ અથવા કાર્યક્રમ સિવાય ના દર શુક્રવારે બંધ રહેશે, જેની નોંધ લેવી.

પ્રતિભાવના પુષ્પો

(૧)

ચાલો મંગલમય પ્રતિભાવના વિવિધ પાસાઓના રસાસ્વાદને માણીએ.

(૧) પુષ્ટિસંસ્કાર ને ફોર કલર્સમાં પરિવર્તિત કરવાની શુભ અસરો : પરમ કૃપાનિધાન પૂજ્ય કાકાજી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રી એવમ્ પરમવંદનીય શ્રીપીયૂષકુમારજી મહોદયશ્રીના આશીર્વાદ એવમ્ માર્ગદર્શન અંતર્ગત ચાલી રહેલી પુષ્ટિ સંસ્કારની અલૌકિક અનેકવિધ પ્રવૃત્તિઓના તાદશ્ય પ્રતિબિંબ સ્વરૂપ આલેખન કરતા ‘‘પુષ્ટિ સંસ્કાર’’ માસિકને અધિક રૂડુ, રૂપાળુ, નમણું એવમ્ સોહાપણું બનાવવા માટે ૧-૪-૨૦૧૫ ના શુભ દિને ફોર કલર્સમાં પ્રકાશિત કરવાનો શુભારંભ કરવામાં આવેલ, તેને આજે એક વર્ષનો સમયકાળ સંપન્ન થયો છે ત્યારે પુષ્ટિ સૃષ્ટિની જે અપેક્ષાઓ હતી તેથીએ ક્યાંય અધિક સુંદર આકાર ધારણ કરીને તે ખરેખર નીખરી આવ્યું છે. કહો કે આપણા સૌ માટે અધિક મનોહર બન્યું છે, તેથી આપણા સૌ માટે આથી અધિક રૂડી બાબત બીજી કઇ હોય શકે? આ સાથે પુષ્ટિરસના ઉત્તમ રસથાળને પિરસનાર પુષ્ટિ સંસ્કાર ફોર કલર્સના માધ્યમ દ્વારા સુંદર પુષ્ટિ સામગ્રીની સાથે અત્યંત સુંદર કલર ફુલ પ્રિન્ટીંગ, અત્યંત સુંદર અર્થપૂર્ણ રંગીન ચિત્ર આલેખન એવમ્ સુંદર કલાત્મક આયોજનને કારણે અધિકનમણુ, અધિક નમણુ, અધિક સોહામણુ, અધિક રૂડુ ,અધિક સમૃદ્ધ, અધિક દબદબા પૂર્ણ એવમ્ દેદિપ્યમાન બન્યું છે. જાણે કે ઉત્તમ પુષ્ટિ સામગ્રીને ઉત્તમ પાત્રમાં ઉત્તમ રીતે પિરસવાનો સુભગ સમન્વય સિદ્ધ થયો છે. બીજી રીતે કહીએ તો પુષ્ટિસંસ્કારની ઉત્તમ સામગ્રીને ફોર કલર્સના ઉત્તમ બીબામાં ઢાળીને જે નવો અલૌકિક આકાર આપવામાં આવ્યો છે તેથી પુષ્ટિસંસ્કાર ગુણવત્તાની દ્રષ્ટિએ એવમ્ સુઘડતાની દ્રષ્ટિએ એક નવા ઉચ્ચતમ સોપાનને સર કરવામાં અસાધારણ સફળ બની રહ્યું છે. આ જ ફોર કલર્સના આગમનની મહાન સિદ્ધિ છે.

(૨) પુષ્ટિ સંસ્કાર સંચાલક વૃંદને અભિનંદન :- ઉત્તમકૃત્તિનું સર્જન ત્યારે જ શક્ય બને છે કે જ્યારે તેના કલાકારો ઉત્તમ કોટીના હોય, બન્ને આચાર્યશ્રીના અનન્ય આશીર્વાદથી પુષ્ટિસંસ્કારના તંત્રીશ્રી પ.ભ. કમલ સેજપાલ દરેક અંકમાં ‘‘કમલની કમલ’’ અને ‘‘વ્યક્તિત્વના વિકાસના સોપાનો’’ દ્વારા સર્વ વૈષ્ણવ ભાઇ-બહેનો તેમજ બાલપુષ્ટિ સંસ્કારના બાળકોના ઘડતર અંગે જે અવનવી નવિનતાસભર ઘટનાઓ પ્રસ્તુત કરવાની ઉત્તમ કલા એવમ્ ઉત્તમ દીર્ઘદષ્ટિ ધરાવે છે તે ખરેખર અભિનંદનીય છે. કારણ કે પ્રિન્ટીંગ ક્ષેત્રે તંત્રીની જવાબદારી અદા કરવી તે એક ખાંડાની ધાર પર ચાલવા જેવી નાજુક એવમ્ અતિ કઠિન કામગીરી છે. છતાં પ.ભ. શ્રીકમલભાઇ આ જવાબદારી શરૂઆતથી માંડીને આજ પર્યંત સમતુલન જાળવીને એવમ્ સમયબદ્ધ રીતે નાની સરખી ચુક ન આવે તે રીતે સરસ બજાવી રહ્યા છે. તે માટે તેઓશ્રીને પુનઃ ભૂરિ ભૂરિ ધન્યવાદ પાઠવું છું. સાથે સાથે પુષ્ટિ ફાઉન્ડેશનના સાથી સહકાર્યકર વૃંદ - પ.ભ. શ્રીમથુરભાઇ રામાણી, પ.ભ. શ્રીઆનંદભાઇ ઠક્કર, પ.ભ. શ્રીઆશિષભાઇ ગાથા વિગેરે આપ સૌ હાથમાં હાથ મિલાવી, ખભે ખભા મિલાવી તન, મન અને ધનથી પુષ્ટિ સંસ્કારના પ્રકાશનમાં જે અણમોલ સેવાકીય સહયોગ આપી રહ્યા છો તે આપ સૌને દૈન્યભાવે અંતઃકરણ પૂર્વક અભિનંદન પાઠવતા ગૌરવ અને આનંદની લાગણી અનુભવી રહ્યો છું.

(૩) પુષ્ટિસંસ્કારના લેખકવૃંદની આગવી વિશિષ્ટતાઓ :- (A) પુષ્ટિસંસ્કારનું વૈષ્ણવ લેખક વૃંદ પાઠશાળાની વિવિધ પ્રવૃત્તિઓ સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલ છે :- પુષ્ટિ સંસ્કારના લેખક વૃંદની એક વિશિષ્ટતા એ છે કે, તે બધા પ્રત્યક્ષ રીતે પાઠશાળાની વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. તેથી તેઓ જે કંઇ લખે છે, તે બધું પાઠશાળાના માધ્યમ દ્વારા જિલ્યું છે... જાણ્યું છે અને માણ્યું છે. તેનું પ્રતિબિંબ તેઓના લેખોમાં સ્પષ્ટ રીતે પડતું જોવા મળે છે. જેમ ચંદ્રનું પ્રતિબિંબ જલમાં પડે છે તેમ. આમ પુષ્ટિસંસ્કારનું લેખક વૃંદ પુષ્ટિસંસ્કારની જ પાઠશાળાની પેદાશ છે તેમ કહીશું તો તે અતિશયોકિત નહિ ગણાય.

(B) લેખનકાર્યમાં બહેનોનું યોગદાન : - પુષ્ટિસંસ્કારમાં લેખન કાર્યમાં યોગદાન આપનાર ભાઇઓની માફક બહેનો પણ સુંદર લેખો પ્રસ્તુત કરી રહ્યા છે. તે અત્યંત ગૌરવની

બાબત પુષ્ટિમાર્ગ માટે ગણાવી શકાય.

(C) લેખનકાર્યમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારની બહેનોનું સમાન યોગદાન :- પુષ્ટિસંસ્કારમાં લેખનકાર્ય સાથે શહેરી વિસ્તારની બહેનો સંકળાયેલ છે. તેમ ગ્રામ્ય વિસ્તારની બહેનો પણ એટલા જ પ્રમાણમાં લેખનકાર્ય સાથે સંકળાયેલ છે. તે પણ લેખન વૃંદની એક આગવી વિશિષ્ટતા ગણાવી શકાય.

(D) લેખનકાર્યમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારના લેખકોનું સારૂ એવું યોગદાન છે :- પુષ્ટિસંસ્કારમાં લેખનકાર્ય કરનાર લેખકશ્રીઓ માત્ર શહેરોના જ નથી પરંતુ નાના નગરો અને નાના નાના ગામડાઓમાંથી પણ લેખકો પોતાના લેખો લખવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. જેમ કે એક બાજુએ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, ઉપલેટા, બાટવા, કેશોદ, અમદાવાદ, દાહોદ, શાપુર, આંકોલા, મોરબી, જામખંભાળીયા જેવા શહેરોમાંથી લેખકો લેખન કાર્ય કરી રહ્યા છે. તો બીજી બાજુએ ગોલાધર, ચોકી, વડાલ, નવા પિપળિયા, વધાવી, ડુંગરી, સોંદરડા, મંડલિકપુર, અરણિયાળા, અગતરાય, આંબલિયા, સણોસરા, મોટા ગુંદાળા, મેસવાણ, કેવદ્રા, કલાણા, સમઢિયાળા જેવા નાના નગરો અને નાના નાના ગામડાઓમાં વસતા લેખકો પણ લેખનકાર્યમાં ઘણો મોટો હિસ્સો નોંધાવી રહ્યા છે.

આમ, શહેરી વિસ્તારના લેખક વૃંદ અને ગ્રામ્ય વિસ્તારના લેખક વૃંદ વચ્ચે ભાઇઓ અને બહેનોમાં સમાજવાદી વ્યવસ્થા સ્થાપિત કરવામાં સફળ થયા છીએ. તેને કોઇ નાની સુની સિદ્ધિ ન ગણાવી શકાય.

(E) પુષ્ટિ સંસ્કારમાં દર માસે વૈવિધ્યસભર સામગ્રી પિરસવામાં આવે છે :- પુષ્ટિસંસ્કારની એક વિશિષ્ટતા એ છે કે તેમાં પ્રતિ માસ જુદા-જુદા લેખકો દ્વારા પુષ્ટિ માર્ગના વિવિધ પાસાઓની ચર્ચા કરવામાં આવે છે. તેથી વાચક વર્ગને નાવિન્યસભર પુષ્ટિવાંચન પ્રાપ્ત થતું રહ્યું છે.

આ રીતે પુષ્ટિસંસ્કારનું લેખક વૃંદ ઉપરોક્ત આગવી વિશેષતાઓ ધરાવે છે તેથી તેઓની લેખન પ્રવૃતિ વિશેષ અભિનંદનીય બની રહે છે.

(૪) પુષ્ટિસંસ્કારની પાઠશાળાઓની પ્રવૃત્તિઓની પર એક ઝલક :- પુષ્ટિસંસ્કારની પાઠશાળાની ઉડીને આંખે વળગે તેવી કેટલીક વિશિષ્ટ પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે છે.

(A) પુષ્ટિસંસ્કારની પાઠશાળાઓ સુવ્યવસ્થિત વિશાળ નેટવર્ક ધરાવે છે :- પુષ્ટિસંસ્કારની પાઠશાળાના ૨૦૦ થી વધારે કેન્દ્રો ભારતના શહેરો અને નાના નગરો એવમ્ નાના નાના ગામડાઓમાં અત્યંત સુવ્યવસ્થિત રીતે કાર્યરત છે. તેના દ્વારા આયોજન બધ્ધ રીતે ૭૦૦૦ બાળકોને અવિરત પુષ્ટિ માર્ગના પાયાના સિદ્ધાન્તોનું જ્ઞાન આપી તેઓનું સુંદર ચારિત્રનું ઘડતર કરવામાં આવી રહ્યું છે. અને નજીકના ભવિષ્યમાં આ મંગલમય પુષ્ટિપ્રવૃત્તિ વિરાટ સ્વરૂપ ધારણ કરીને સમગ્ર ભારત અને વિશ્વના કેટલાક દેશોમાં વિસ્તરી જશે તેવું સુંદર ભાવિ દર્શન આજે સહેજે થઇ રહ્યું છે.

(B) બાળકોમાં વિવિધ પ્રકારની કલાઓના ઉદ્દીપન સંબંધી પ્રવૃત્તિઓ :- પુષ્ટિસંસ્કારની પાઠશાળાઓમાં બાળકોમાં પુષ્ટિસંસ્કારનું સર્વાંગીણ ઘડતર કરવાના ઉદ્દેશથી બાલકોના વચનામૃતો એવમ્ પ.ભગવદીયોના પ્રવચનોના કાર્યક્રમોના આયોજનની સાથે સાથે વિવિધ પાઠશાળાના બાળકો વચ્ચે નાટ્ય સ્પર્ધાઓ, વક્તૃત્વ સ્પર્ધાઓ, રંગોળી સ્પર્ધાઓ, પુષ્ટિમાર્ગીય ઉત્સવો જેવા કાર્યક્રમોનું સમયાન્તરે આયોજન કરવામાં આવે છે. અને તેના દ્વારા તેઓમાં પુષ્ટિસંસ્કારનું સાચુ સિંચન કરવામાં આવે છે, પરિણામે તેમાંથી ઉત્તમ કલાકારની સાથે સાથે ઉત્તમ નાગરિકનું સર્જન થઇ રહ્યું છે.

(૫) નિષ્કર્ષ :- સમગ્રતયા જોઇએ તો પુષ્ટિસંસ્કારમાં સમયના પરિવર્તન સાથે આધુનિક ટેકનોલોજીનો વિનિયોગ કરીને એવમ્ પુષ્ટિ લેખન સાહિત્યમાં પુષ્ટિલક્ષી નવી વિચારધારાઓ એડ કરીને નાવિન્યનું સ્વરૂપ આપવાના વિવિધ પ્રયત્નો સતત કરવામાં આવી રહ્યા છે. તે બધા પ્રયત્નોના પરિણામ સ્વરૂપ પ્રિન્ટીંગ વ્યવસ્થા અતિ સુંદર અને આકર્ષક બનવા પામી છે. તેમજ લેખન સાહિત્યની ગુણવત્તામાં ઉત્તરોત્તર સુધારો થઇ રહ્યો છે તેથી નિરુપિત કરવામાં આવતા લેખોનું એકે એક વાક્ય જ નહિ એકે એક પદ જ નહીં પરંતુ એકે એક શબ્દમાંથી જ પ્રગટ થતી મધુરતાના રસનું તેજોમય સ્વરૂપ ગંગાના પવિત્ર જલપ્રવાહની માફક વહી રહ્યું છે તે આપણા સૌના અંતઃકરણમાં પ્રવેશ કરીને અંતઃકરણ પર લાગેલા માયાવી

અંચળાને દૂર કરી અંતઃકરણની અંદર બિરાજમાન મૂળ શાશ્વત્ તેજોમય સ્વરૂપનું દર્શન એવમ્ ઓળખ પ્રદાન કરવાની ક્ષમતા પ્રદાન કરાવે એ જ મંગલમય અભ્યર્થના.

પરમ શ્રદ્ધેય, પરમવંદનીય પૂજ્ય શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રી એવમ્ પૂજ્ય શ્રીપીયૂષકુમારજી મહોદયશ્રીના પવિત્ર ચરણકમલોમાં સદૈન્ય દંડવત પ્રણામ.

પ્રો. જયંત એમ. માંડવિયા, રાજકોટ

(૨)

પૂજ્ય ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રી તથા પૂજ્ય ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદયશ્રીની કૃપા અને આશીર્વાદથી ‘પુષ્ટિ સંસ્કાર’ માં પ્રાકૃતિક ઉપચારમાં મારા મુદ્રા ચિકિત્સાના લેખ આપુ છું. ‘પુષ્ટિસંસ્કાર’ નું વિસ્તરણ ગુજરાત ઉપરાંત ઘણા રાજ્યોમાં પણ બહોળા પ્રમાણમાં હોવાથી મારા લેખ વાંચીને ઘણા વૈષ્ણવોના ફોન આવે છે. ફોન ઉપર વ્યવસ્થિત માર્ગદર્શન આપું છું. વૈષ્ણવોને શારીરિક ફાયદા થાય છે તેમ ફોન પર જણાવે છે. જેથી મને પણ આત્મસંતોષ થાય છે. જેનો બધો જ યશ પૂજ્ય બંને બાવાશ્રીઓને આપું છુ.

તંત્રીશ્રી કમલભાઇના લેખો ઘણાજ અર્થસભર હોય છે.વૈષ્ણવો તથા વિદ્યાર્થીઓને તે લેખો માંથી સુંદર જીવનલક્ષી બોધપાઠ મળે છે. શ્રીમથુરભાઇ રામાણીના દરેક લેખ પુષ્ટિધર્મની સારી સમજણ આપે છે. જોકે દરેક લેખકના લેખ ઉત્તમ હોય છે. દરેક વૈષ્ણવોમાં શારીરિક-માનસિક-ધાર્મિક ઉત્તરોત્તર ઉન્નતિ થાય તેવું આપણું ‘પુષ્ટિ સંસ્કાર’ છે. ઉત્તમ ટોનીક છે.

પૂજ્ય ગોસ્વામી શ્રીકિશોરચંન્દ્રજી મહારાજશ્રી તેમજ પૂજ્ય ગોસ્વામી શ્રીપિયૂષકુમારજી મહોદયશ્રીના દરેક લેખોની પ્રશંસા કરવા માટે ભાષાના શબ્દો ખૂટી પડે છે હૃદયની લાગણી જ સમજી શકે. પૂજ્યશ્રીઓના વચનામૃત ના રૂબરૂ લાભ જે વૈષ્ણવો ન લઇ શકાય હોય તેમને ‘પુષ્ટિ સંસ્કાર’ મારફત પૂજ્યશ્રીના લેખો દ્વારા રૂબરૂ સાંભળ્યા તુલ્ય લાભ મળી શકે છે.

આભાર સહ...

પ્રભુદાસભાઇ મોરડીયા, જૂનાગઢ.

(૩)

જૂનાગઢ મોટી હવેલીના બંન્ને આચાર્યશ્રીઓ - ૧૦૮ ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રી તથા ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદયશ્રીની સતત પ્રેરણા અને માર્ગદર્શનથી ચાલતું ‘‘પુષ્ટિ સંસ્કાર’’ માસિક સાતમા વર્ષમાં પ્રવેશ કરે છે. તે ખૂબજ આનંદની વાત છે. બંન્ને આચાર્ય ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ અને તંત્રીશ્રી સહિત તમામ મંડળના કાર્યકરોને હાર્દિક અભિનંદન.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીના સિદ્ધાંતોનું ખૂબજ સરળ ભાષામાં નિરૂપણ અને વિવિધ વાર્તાઓ દ્વારા મળતી શિખામણો આપણા સંપ્રદાયને સમજવામાં ખૂબ જ ઉપયોગી નીવડે છે. શ્રીદામોદરજી મદનમોહનજી પ્રભુની કૃપા તથા બન્ને આચાર્યચરણોના આશીર્વાદથી આ માસિક સતત ચાલતું રહે તેવી અભ્યર્થના.

મહારાણીદાસ કે. ઠાકર, જૂનાગઢ

(૪)

પુષ્ટિસંસ્કાર છ વર્ષ પુર્ણ કરી રહ્યુ છે. સમગ્ર વર્ષ દરમિયાન ઘણુ વાચ્યું અને દરેક લેખ સારા લાગ્યા. પુષ્ટિસંસ્કાર સામાયીકના લેખો વાંચતા એવો ભાવ જાગે છે. જાણે ઇશ્વરની સમીપ છીએ. બાળપણના લેખો વાંચીને લાલાને લાડ લડાવવાનું મન થઇ આવે છે. ખરેખર તો મને પુષ્ટિસંસ્કાર સામાયીક વાંચીને જ પાઠશાળા ખોલવાની પ્રેરણા મળી છે. હૃદયમાં ઘણોજ આનંદ આવે છે. નાના નાના બાળકો સાથે રહેવાનો એક અનેરો આનંદ છે. પાઠશાળામાં આવીને એની કાલી ભાષામાં વાતો કરે ત્યારે ઘણો જ આનંદ આવે છે. સામાયિક માં મારો સૌથી પ્રીય લેખ ‘‘વ્યક્તિત્વ વિકાસના સાપાનો’’ બાકી બધુ પછી વાંચુ પહેલા આ લેખ વાંચુ છું. ક્યારેક કોઇ ટેન્શન હોય કંઇ પણ સમજ ન પડે ત્યારે હું બધા સામાયીક ખોલીને આ લેખ વાંચુ છું. એમાં મને ક્યાંક તો મારી પરેશાનીનું સમાધાન અચુક મળે છે. ગતાંક ના લેખમાં ઘણુ જ જીવનમાં ઉતારવા જેવું મળ્યું કે જીવનમાં ક્યારેય હાર ન માનવી હારની પાછળ એક જીત છુપાયેલી છે જ તેથી હું પણ જીવનમાં ક્યારેય કોઇ કાર્યથી હાર નહી માનું અને મારાથી થઇ શકે તેવા કાર્યની કોઇ દિવસ કોઇને ના નહી કહું વૈષ્ણવ પરિવારમાં જન્મી હોવાથી ધન્યતા અનુભવું છું.

ધરિત્રી સાવલીયા, રામેશ્વર

(૫)

પ્રાતઃ સ્મરણીય, પરમ્ આદરણીય પૂજ્ય કાકાજી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રી એવમ્ શ્રીપીયૂષબાવાશ્રીનાં ચરણકમલોમાં સાદર, સદૈન્ય દંડવત્ પ્રણામ એવમ્ સર્વ વૈષ્ણવોને જયશ્રી કૃષ્ણ.

આપણુ માનીતું અને ચહિતું પુષ્ટિસંસ્કાર વર્ષે વર્ષે ઉત્તરોતર પ્રગતિનાં પંથે આગળ વધી રહ્યું છે ત્યારે આપણે આખા વર્ષનાં સરવૈયા રૂપે તેનો પ્રતિભાવ દર વર્ષની જેમ આ વર્ષે પણ પુષ્ટિસંસ્કારમાં આપીએ. અહી પ્રસ્તુત પ્રતિભાવ એ મારો એકનો જ નહિ પણ ઘણા બધા વૈષ્ણવ વાંચકોનો હોવાથી આ માત્ર પ્રતિભાવ નહિ પણ પ્રતિભાવો કહીશું તો અસ્થાને નહિ ગણાય. લખાય છે મારા હાથે પણ મૌખિક રીતે ઘણાનાં પ્રતિભાવો છે. જ્યારે પણ પુષ્ટિસંસ્કાર વિશે વાત થાય ત્યારે અલગ-અલગ વાંચકો અલગ-અલગ રીતે પોતાને ગમતા ટોપીક વિશે કહે છે અને છેલ્લે કહે છે કે મને લખવાનું ન ફાવે , અમને લખતા ન આવડે વગેરે... અને તેથી આવા અન્ય વાંચકોનાં પ્રતિભાવો મારા શબ્દોમાં લખી રહી છું.

બધા વાંચકોને પૂજ્ય કાકાજીનાં આશીર્વચન વાંચી આનંદ થાય છે. અને પછી ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદયશ્રીનાં સેવાને અનુલક્ષીને અપાતી સમજણ અને વચનામૃત વૈષ્ણવોને ઘણુ બધુ શીખવે છે.

સંપાદક લેખથી શરૂ કરીએ તો કમલની કલમ લાજવાબ છે. મથુરભાઇ રામાણી વલ્લભની વાણીને લઢી-લઢીને ગળે ઉતરે તેવું પીરસે છે અને અનસૂયાબેન ભક્તિમાર્ગને ગાળી-ગાળીને પીવડાવે છે. ચંદ્રિકાબેનનાં શિક્ષાપત્ર અંગેની સુંદર શૈલી ઉડીને હૃદયે વળગે છે અને નરોત્તમભાઇ અરે! એ તો ભારતભરનાં બેઠકજીની પ્રત્યેક્ષ ઝાંખી કરાવે છે.

એકટીવિટી, ક્રોસ વર્ડ અને રંગપૂરણી જેમાં અનુક્રમે પાઠશાલાનાં બાળકો તેમજ હિમાંશુ પાઘડાર માટે તો નાના ભૂલકાઓ કહે છે બા પુષ્ટિસંસ્કાર આવી ગયું હોય તો આપોને અમારી ક્રોસ વર્ડ શીખવા છે, રંગ પુરવા છે વગેરે વગેરે. નિધિબેન વૈશ્નાણી પોતાના પ્રત્યે લેખમાં પુષ્ટિ સિદ્ધાન્તને સુંદર રીતે છણાવટ કરીને સમજાવવાનો પ્રયાસ કરે છે. અને યોગા માસ્ટર પ્રભુદાસભાઇ મોરડીયા માટે તો કહીએ તે ‘પંગુ લંઘયતે ગીરીમ્’ એ ન્યાયે એમને ઘણાનાં દર્દોને હળવા કર્યા છે. પ્રતિમાસ નવી ખૂલતી ગોશાલાઓ, પાઠશાલાઓ અને પાઠશાલામાં ઉજવાતા સાંસ્કૃતિક કાર્યક્રમો, મોટી હવેલીમાં ઉજવાતા ઉત્સવોનાં ફોટોગ્રાફસ જોઇને વૈષ્ણવો તો હરખાય છે. પણ બીજા વૈષ્ણવો ઘણી વખત એવું કહેતા સાંભળ્યા છે કે તમારે હવેલીમાં બધું કેવું સરસ હોય, તમારે હવેલીમાં સુંદર મેગેઝીન પણ બહાર પડે, અમારે તમારી હવેલીએ અવાય? વગેરે વગેરે પૂછતાં હોય છે.

મીનાબેન કક્કડ, જૂનાગઢ

પુષ્ટિગ્રન્થ પ્રવચનસત્ર

ષોડશગ્રન્થોમાંનો પ્રત્યેક ગ્રન્થ અદેયદાનદક્ષ શ્રીવલ્લભાચાર્યચરણ દ્વારા પ્રત્યેક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને પ્રદાન કરવામાં આવેલી પરમમૂલ્યવાન્ નિધિ છે. તે નિધિમાંનો એક અત્યન્ત મનોહર રત્ન સમાન્ ગ્રન્થ છે 'નિરોધલક્ષણમ્'. સમસ્ત વૈષ્ણવોના પરમ ભાગ્ય સ્વરૂપ આ દિવ્ય ગ્રન્થનું ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદયશ્રી(મોટી હવેલી, જૂનાગઢ) દ્વારા વિવેચન કરવામાં આવશે. આ અવસર પર સર્વ વૈષ્ણવોને ઉપસ્થિત રહેવા આગ્રહ છે.

વિષય

શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત

'નિરોધલક્ષણ ગ્રન્થ'

વક્તા

ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદય

તારીખ : ૨૫-૨૬-૨૭/૦૩/૨૦૧૬, શુક્ર-શનિ-રવિવાર
સમય : શુક્ર શનિ રાત્રે ૯ થી ૧૧
રવિવાર સાંજે ૭ થી ૮

વિશેષ પ્રસ્તુતિ

તારીખ ૨૭/૦૩/૨૦૧૬, રવિવારના પ્રવચનસત્ર પછી સાંજે ૮ થી ૧૦
પુષ્ટિસંસ્કાર પાઠશાલા અને પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ દ્વારા
પ્રેરણાદાયી લઘુનાટિકાની વિશિષ્ટ પ્રસ્તુતિ થશે.

સ્થળ : નીલમબાગ વાડી, સરદારબાગ સામે, જૂનાગઢ

આ પ્રવચનસત્રનું Live Telecast વેબસાઇટ www.pushtisanskar.org પરથી પણ નિહાળી શકાશે.

શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા ઉત્સવ – સાવરકુંડલા

સાવરકુંડલામાં પુષ્ટિસંસ્કાર પાઠશાલાનું કેન્દ્ર ખૂબ જ સુંદર રીતે કાર્યરત છે. વૈષ્ણવ સમાજને બાલસંસ્કારના મહત્ત્વપૂર્ણ કાર્ય પ્રત્યે જાગૃત કરવા અને પાઠશાલાના બાળકોના ઉત્સાહને વેગ આપવા માટે સાવરકુંડલામાં પુષ્ટિસંસ્કાર પાઠશાલા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સર્વ વૈષ્ણવોને ઉપસ્થિત રહેવા આગ્રહ છે.

તારીખ : ૦૬/૦૩/૨૦૧૬, રવિવાર – **સમય :** સાંજે ૫:૩૦ થી ૮:૦૦

સ્થળ : જે.વી.મોદી હાઈસ્કૂલનું પાછળનું ગ્રાઉન્ડ, મણીભાઇ ચોક, સાવરકુંડલા (જીલ્લો – અમરેલી)

નિમંત્રક
શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા-સાવરકુંડલા શાખા, સદ્ભાવના ગ્રુપ-સાવરકુંડલા

પુષ્ટિસંસ્કાર સમાચાર

ગોસ્વામી શ્રીપૂણ્યશ્લોક બાવાશ્રીનો જન્મદિવસ

ગોસ્વામી શ્રીપૂણ્યશ્લોકબાવાશ્રીનો જન્મદિવસ તા. ૩૧/૦૧/૨૦૧૬નાં શુભદિને ખૂબજ ઉમંગ, ઉત્સાહપૂર્વક મનાવવામાં આવ્યો હતો. સાંજના સમયે આપશ્રીને તિલક અને બ્રાહ્મણો દ્વારા આશીર્વચન, વધાઇ, કીર્તનનો ક્રમ રાખવામાં આવેલ હતો. ઉપસ્થિત વૈષ્ણવોએ આ ઉત્સવનો ઉત્સાહભેર લાભ લીધો હતો.

મોટાગુંદાળામાં શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા શાખા કાર્યક્રમ

તાલાળામાં શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા શાખા કાર્યક્રમ

ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીની આશીર્વાદથી ચાલતી તાલાળા પુષ્ટિસંસ્કાર પાઠશાલા શાખાનાં વાર્ષિક સમારોહમાં આપશ્રી ખાસ કૃપા વિચારી પધાર્યા હતા. પાઠશાલાનાં બાળકો દ્વારા મંગલાચરણ સ્તોત્રપાઠનાં પઠન દ્વારા ખૂબજ સુંદર કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. તેમજ નાટીકા, નૃત્ય, રાસ, કવિઝ વગેરે કૃતિઓ પ્રસ્તૃત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બોરવાવ પુષ્ટિસંસ્કાર પાઠશાલાનાં બાળકો દ્વારા પણ સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવેલ હતા. તાલાળા તેમજ આસપાસનાં ગામોમાંથી વિશાળ વૈષ્ણવ સમૂહ ઉપસ્થિત હતો. આપશ્રીએ પોતાના વચનામૃતમાં પાઠશાલાની પ્રવૃત્તિ ખૂબજ સુંદર રીતે ચાલી રહી છે; તેની હાર્દિક પ્રસન્નતા વ્યક્ત કરી હતી. આ જ દિવસે આપશ્રી દ્વારા પુષ્ટિસંસ્કાર પરિવાર-તાલાળા શાખાની સ્થાપના કરવામાં આવી હતી.

શ્રીનાથનગર, જુનાગઢમાં શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા શાખા કાર્યક્રમ

મોરબી તથા વાંકાનેર શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા શાખા કાર્યક્રમ

ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદયશ્રીનાં સાન્નિધ્યમાં પુષ્ટિસંસ્કાર પાઠશાલા મોરબી અને વાંકાનેર શાખામાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. પાઠશાલાની પ્રવૃત્તિ માટે આપશ્રી એ બધાજ સંચાલકો તેમજ બાળકોને શુભ આશિષ પાઠવ્યા હતા. વાંકાનેરમાં પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ સાથે આપશ્રીએ સંવાદ કર્યો હતો.

નાગલપુર ગામમાં શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા શાખા કાર્યક્રમ

નાગલપુર મુકામે કાર્યરત શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલાનો વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો. જેમાં પાઠશાલા સંચાલક હરસુખભાઇ પટોળીયા અને તેમના ધર્મપત્ની નીતાબેને ખૂબજ સક્રિય રહીને પાઠશાલાના આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. તેમા પાઠશાલાના બાલકો દ્વારા વક્તવ્ય અને નૃત્ય કરવામાં આવ્યા હતા. તેમજ જૂનાગઢ શ્રીમોટી હવેલીએથી શ્રીપીયૂષબાવાશ્રીની આજ્ઞાથી બાલમુકુંદભાઇ ગોકાણી અને દિલીપભાઇ પરમારે ખાસ ઉપસ્થિત રહી વાલીઓને અને બાળકોને પ્રેરણાદાયી તેમજ ઉત્સાહજનક માર્ગદર્શન આપ્યું હતું તેમજ વાલીઓ વધારે સજાગ થઇને પોતાના બાળકોને પાઠશાલામાં આવતા કરે તેવી સહકારની અપેક્ષા વ્યક્ત કરી હતી. અંતે આપશ્રીની કૃપાથી પ્રથમ વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ ખૂબજ સુંદર રીતે સમ્પન્ન થયો હતો.

શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા, જૂનાગઢનો માધવપુર ગુપ્તપ્રયાગ પ્રવાસ

શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલાની મોટી હવેલી-જૂનાગઢ શાખાનો માધવપુર અને ગુપ્તપ્રયાગનો પ્રવાસ યોજાયો. જેમાં તા. ૨૩/૧/૧૬ના દિવસે બાળકો માધવપુરનાં બેઠકજી અને ત્યારબાદ ૨૪/૧/૧૬ના દિવસે ગુપ્તપ્રયાગના બેઠકજીએ ગયા હતા.

માણાવદર-૨ ની પુષ્ટિસંસ્કાર પાઠશાલા શાખા દ્વારા શિક્ષક દિવસ મનાવવામાં આવ્યો

પુષ્ટિસંસ્કાર પાઠશાલા માણાવદર-૨ નાં બાળકો દ્વારા તા. ૭/૨/૧૬ના દિવસે સ્વયં શિક્ષક દિવસ મનાવવામાં આવ્યો હતો. તેમાં ચાર બાળકો શિક્ષક અને એક સંચાલક બન્યા હતા અને આ બાળકો દ્વારા જ પાઠશાલાનું કાર્ય કરાયું હતું અને છેલ્લે બાળકો એ અન્તાક્ષરીમાં વસંત વધાઇ અને આપણા પ્રાચીન ધોળ-પદમાં અને પુષ્ટિમાર્ગના પ્રયોગના શબ્દો ઉપર અન્તાક્ષરી રમી આનંદ માણ્યો હતો.

શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલાની જુદી જુદી શાખા દ્વારા શ્રીમોટી હવેલી, જૂનાગઢનો પ્રવાસ

શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા ખાંભલા શાખા, મોટી ખોડીયાર શાખા તથા ટીકર શાખા દ્વારા બાળકો તથા સંચાલક-શિક્ષકોના શ્રીપુષ્ટિમાર્ગીય આચાર્યગૃહ મોટી હવેલી-જૂનાગઢના પ્રવાસનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ખાંભલા પાઠશાલાનાં બાળકોએ કીર્તન અને વક્તવ્ય પ્રસ્તુત કર્યા હતા. સર્વ બાળકો તથા સંચાલકો ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રી એવમ્ ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદયશ્રી સન્મુખ થયા હતા અને આપશ્રીના વચનામૃતનો લાભ લીધો હતો.

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રી એવમ્ ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદય

મોટી હવેલી-જુનાગઢ પ્રેરિત

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય ગુરૂકુલ – ચોકી (સોરઠ)

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય ગુરૂકુલ ચોકી(સોરઠ) દ્વારા ગુરૂકુલના પટાંગણમાં બાળકોમાં એકતા, સહકાર, આત્મવિશ્વાસ, ખેલદિલની ભાવના જેવા ગુણો તેમજ શારીરિક અને માનસિક વિકાસ થાય અને બાળકોમાં રમત પ્રત્યે રસ કેળવાય એવા હેતુથી તારીખ-૧૨/૦૧/૨૦૧૬ તેમજ તારીખ-૧૩/૦૧/૨૦૧૬ એમ બે દિવસીય રમતોત્સવનું આયોજન થયેલ. જેમાં વન મિનિટ શો,૧૦૦ મી. દોડ, ૨૦૦ મી. દોડ, ત્રીપગી દોડ, સ્લો સાઇકલિંગ, ગોળા ફેક, લાંબી કૂદ, સંગીત ખુરશી, લીંબુ ચમચી, કબડ્ડી, ખો-ખો, ક્રિકેટ, વોલીબોલ જેવી ૨૨ જેટલી જુદી-જુદી ઇન ડોર તેમજ આઉટ ડોર રમતોનું ખુબ જ સુંદર આયોજન થયેલ. રમતોત્સવમાં ગુરૂકુલ તમામ બાળકોએ ખૂબજ ઉત્સાહભેર ભાગ લીધેલ. પ્રત્યેક સ્પર્ધાના વિજેતા બાળકોને ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદયશ્રીના વરદ હસ્તે મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ.

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય ગુરૂકુલ ચોકી(સોરઠ) દ્વારા ગુરૂકુલમાં અભ્યાસ કરતા બાળકોમાં દરિયાઇ જીવ સૃષ્ટિ વિશે જ્ઞાનમાં વધારો થાય તેમજ પ્રકૃતિ સાથે તાદાત્મ્ય કેળવાય, પ્રકૃતિનું રક્ષણ કરવું જોઇએ જેવા ગુણોનો વિકાસ થાય તેવા આશયથી આ સંસ્થા દ્વારા તા-૧૫/૦૧/૨૦૧૬ થી તા-૧૬/૦૧/૨૦૧૬ સુધી મરીન નેશનલ

પાર્ક-નરારા બેટ પર પ્રકૃતિ પ્રવાસનું ખુબજ સુંદર આયોજન કરવામાં આવેલ. જેમાં ગુકુલના ૪૮ બાળકો ખુબ આનંદભેર જોડાયો. પ્રકૃતિ શિબિર દરમિયાન બાળકોએ દરિયાયી જીવસૃષ્ટિ જેવી કે પફર ફીશ,ઓક્ટોપસ,વાદળી,દરિયાઇ ફૂલ, સાગર ગોટો,પરવાળા, સમુદ્ર ફૂલ, ચેરના વૃક્ષ તેમજ દરિયાઇ પક્ષી જેવી જીવસૃષ્ટિ વિશે વિશેષ જ્ઞાન તેમજ માહિતી મેળવેલ.

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય ગુરૂકુલ શૈક્ષણિક સંકુલમાં તા-૨૬/૦૧/૨૦૧૬ ને મંગળવાર ના રોજ સવારે-૮:30 કલાકે ૬૭મા ‘ગણતંત્ર દિન’ રાષ્ટ્રીય પર્વની ઉજવણી ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદયશ્રીની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ. ‘ગણતંત્ર દિન’ ની ઉજવણીની સાથે-સાથે ગુરૂકુલના બાળકો દ્વારા સંક્ષિપ્ત સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ ગત વર્ષના વાર્ષિક પરીક્ષામાં પ્રથમ, દ્વિતીય, તૃતીય આવનાર વિદ્યાથીઓને તેમજ રમતોત્સવ-૨૦૧૬ના વિજેતા રમતવીરોને આપશ્રી દ્વારા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવેલ.

લાચાર્ય પ્રાથમિક તથા માધ્યમિક
ચોકી (સોરઠ)

पुष्टिसंस्कार सहयोग परिवार

આજે પુષ્ટિમાર્ગના નામે અનેક પ્રકારના આયોજનો થાય છે - મનોરથો થાય છે, હવેલીઓ સ્થપાય છે, કથાઓ થાય છે અને એમાં વિપુલ પ્રમાણમાં દ્રવ્યનો વ્યય થાય છે, પરન્તુ શ્રીવલ્લભાચાર્યચરણના સિદ્ધાન્તોને વૈષ્ણવસમાજમાં પ્રચારિત કરવા માટેના પ્રયાસો ખૂબ જ અલ્પ પ્રમાણમાં જોવા મળે છે.

આવા સમયમાં પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તોના દિવ્ય જ્ઞાનથી વૈષ્ણવસમાજ ચેતનાવાન્ બને તે માટે શ્રીપુષ્ટિસંસ્કાર સંસ્થાન દ્વારા સતત વિવિધ પ્રવૃત્તિઓ અને આયોજનો કરવામાં આવી રહ્યા છે.

→ પુષ્ટિસંસ્કાર પાઠશાલાના ૨૦૦ થી વધારે કેન્દ્રો દ્વારા ૭૦૦૦ બાળકોને પુષ્ટિમાર્ગનું પાયાનું જ્ઞાન આપવામાં આવી રહ્યું છે.

→ પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠ ના પ્રથમ વર્ષમાં વિશ્વભરમાંથી ૧૪૦૦થી વધારે વિદ્યાર્થીઓએ 'પુષ્ટિસિદ્ધાન્તપ્રવેશ' અભ્યાસક્રમમાં એડમિશન લઇને શ્રીવલ્લભાચાર્યજીના ગ્રન્થોના અભ્યાસની યાત્રાનો પ્રારંભ કર્યો છે.

→ શ્રીપુષ્ટિસંસ્કાર પરિવારની વિવિધ શાખાઓ દ્વારા માસિક સત્સંગ સભાઓ તથા વિવિધ કાર્યક્રમોના આયોજનો થઇ રહ્યા છે.

→ શ્રીપુષ્ટિભક્તિસંગીતવિદ્યાલય દ્વારા પુષ્ટિમાર્ગીય કીર્તનોના અંગરૂપ રાગ-તાલ પ્રશિક્ષણ માટેના વર્ગોનો લાભ અનેક વૈષ્ણવ ભાઇ બહેનો લઇ રહ્યા છે.

→ વિવિધ પુષ્ટિમાર્ગીય પુસ્તકોના પ્રકાશન દ્વારા મૂલ પ્રામાણિક પુષ્ટિસિદ્ધાન્તોનું સરલ ભાષામાં જ્ઞાન વૈષ્ણવોને પ્રાપ્ત થાય છે.

→ સમયને અનુરૂપ આ સર્વ વ્યવસ્થાઓને ઉચ્ચસ્તરીય અને સુવ્યવસ્થિત બનાવવા માટે આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામા આવે છે. ઓનલાઇન વિદ્યાપીઠનો પ્રારંભ થયો છે, ઓનલાઇન પાઠશાલા માટે પણ કાર્ય પ્રગતિમાં છે.

આ સર્વ વ્યવસ્થાઓને સુયોગ્ય રીતે કરવા માટે દ્રવ્યની પણ આવશ્યકતા રહે છે. સ્વધર્મ પ્રચારપ્રસાર કાર્યમાં પોતાના દ્રવ્યનો વિનિયોગ કરવો એ પ્રત્યેકનું આવશ્યક કર્તવ્ય છે. પ્રત્યેક વૈષ્ણવ વિચારે કે - સ્વધર્મપ્રચારકાર્યમાં આપણે આપણા ધનનો વાર્ષિક કેટલો ઉપયોગ કરી રહ્યા છીએ?

‘આ કાર્ય અન્ય કોઈનું નથી, અન્ય કોઇ માટે પણ નથી – આ આપણું જ કાર્ય છે અને આપણા માટે જ છે’ આ ભાવનાને સાકાર કરવા માટે ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રી તથા ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીની પ્રેરણાથી પુષ્ટિસંસ્કાર સહયોગ પરિવારની સ્થાપના કરવામાં આવી છે. બન્ને આચાર્યશ્રી આ પરિવારના પ્રથમ સભ્ય બન્યા છે.

➲ પુષ્ટિસંસ્કાર સહયોગ પરિવારનાં પ્રથમ સભ્યશ્રી

- **ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રી**
- **ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી**

➲ પુષ્ટિસંસ્કાર સહયોગ પરિવારમાં નીચેના વૈષ્ણવો ફેબ્રુઆરી મહિનામાં સભ્ય બની પુષ્ટિધર્મપ્રવર્તનના કાર્યોમાં સમ્મિલિત થયા છે.

કુલ સંખ્યા

- જીવરાજભાઇ છગનભાઇ કનેરીયા – અમદાવાદ
- ચેતનકુમાર ગોપાલભાઇ ચાંગેલા – કોલ્હાપુર
- રીનાબેન શામજીભાઇ સાંગાણી – ધોરાજી
- ભાનુબેન મધુશ્રી રામૈયા – આફ્રિકા
- ચિમનભાઇ ઘુસાભાઇ રામાણી – ખંભાળીયા
- હિતેષભાઇ ભોવાનભાઇ કાચા – વાપી(ચલ્લા)
- પ્રકાશભાઇ પરષોત્તમભાઇ કાચા – વાપી(ચલ્લા)
- હર્ષાબેન વિઠ્ઠલભાઇ રાજાણી – જૂનાગઢ
- જેન્તીલાલ કાનજીભાઇ ગોવાણી – રાજકોટ
- મનહરભાઇ ચકાભાઇ ઠેસિયા – ધોરાજી
- સુરેશભાઇ દામજીભાઇ અંટાળા – ધોરાજી
- ભરતભાઇ બાબુભાઇ પાનસુરીયા – મેંદરડા
- શ્રીરાજલક્ષ્મી ડેવલોપર્સ – ધોરાજી

આપ પણ પ્રતિવર્ષ માત્ર અગિયાર હજાર રૂપિયાનો સહયોગ કરીને ‘પુષ્ટિસંસ્કાર સહયોગ પરિવાર’ના સભ્ય બની શકો છે.

પરસ્પરં ભાવયન્તઃ શ્રેયઃ પરમવાપ્સ્યથની ભાવનાથી કર્તવ્યનિષ્ઠાના ભાવ સાથે પુષ્ટિસંસ્કાર સહયોગ પરિવારના સભ્ય બનીને પુષ્ટિધર્મપ્રવર્તનના વિવિધ કાર્યોમાં સમ્મિલિત થઇએ એવી શુભેચ્છા.

પુષ્ટિસંસ્કાર સંસ્થાન વતી
આનંદ ઠક્કર

પુષ્ટિસંસ્કાર સહયોગ પરિવારના સભ્ય થવા માટે સંપર્ક :
શ્રીપુષ્ટિસંસ્કાર સંસ્થાન, મોટી હવેલી – જૂનાગઢ.
ફોન નં. ૦૨૮૫-૨૬૨૧૧૧૧ મો.૯૬૩૮૦૨૯૪૫૬

પ્રાકૃતિક ઉપચાર
મુદ્રા ચિકિત્સા

- પ્રભુદાસભાઇ મોરડીયા, જૂનાગઢ

૨૭. વાયુ સુરભી મુદ્રા :

સુરભી મુદ્રા કરી બંને અંગુઠાની ટોચને બંને તર્જનીના મુળ પર મેળવો જે બનશે વાયુ સુરભી મુદ્રા.



ફાયદા :

(૧) આ મુદ્રાથી વાયુને લગતી તકલીફો દૂર થશે. (૨) વાયુની તકલીફો દૂર થતા મનની ચંચળતા પણ દૂર થશે. મનની સ્થિરતા મળશે. (૩) આધ્યાત્મિક પ્રગતિ સારી થશે. (૪) ધ્યાન માટે આ મુદ્રા ઉત્તમ છે. (૫) આ મુદ્રાનો સમય શરૂઆતમાં ૨-૩ મીનીટ રાખવો સારૂ પરિણામ મળે પછી સમય વધારતા જવો.

૨૮. શૂન્યસુરભી મુદ્રા :

સુરભી મુદ્રા કરી કરી બંને અંગુઠાની ટોચને બંને મધ્યમાના મુળ પર મેળવો જે બનશે શૂન્ય સુરભી મુદ્રા.

ફાયદા :



(૧) નિયમિત આ મુદ્રા કરવાથી બ્રહ્મનાદ વ્યવસ્થિત સાંભળો તેમાં તલ્લીન થવાશે. (૨) શૂન્ય મુદ્રાથી કાનના દર્દોને લાભ મળે છે તેમ આ મુદ્રાથી પણ કાનના દર્દોમાં રાહત થશે. (૩) જીવનમાં આનંદનો ભાવ જાગશે. (૪) આ મુદ્રાથી હું કોણ છું. તે જાણવા મળશે એટલે કે તમે અંતરમુખી બની પોતાની જાતને જાણી શકશો.

૨૯. પૃથ્વીસુરભી મુદ્રા :

સુરભી મુદ્રા કરી બંને અંગુઠાની ટોચને બંને અનામિકાના મુળ પર મેળવો જે બનશે પૃથ્વી સુરભી મુદ્રા.



ફાયદા :

(૧) આ મુદ્રા કરવાથી શરીરનું વજન વ્યવસ્થિત રહેશે. (૨) પાચન શક્તિ મંદ હશે તે વ્યવસ્થિત થશે. (૩) કફ પ્રકૃતિવાળાને આ મુદ્રા ફાયદા કારક રહેશે. (૪) આ મુદ્રા સાથે જ્ઞાન મુદ્રા કરવાથી આધ્યાત્મિક લાભ મળશે.

૩૦. જલ સુરભી મુદ્રા :

સુરભી મુદ્રા કરી બંને અંગુઠાની ટોચને બંને કનિષ્ઠિકાના મુળ પર મેળવો જે બનશે જલ સુરભી મુદ્રા.



ફાયદા :

(૧) પિત્ત પ્રકૃતિવાળાને આ મુદ્રા ખૂબ જ ફાયદાકારક રહેશે. (૨) પેશાબની કે કીડનીના રોગમાં રાહત થશે. (૩) આ મુદ્રાનું નામ જ જલ સુરભી મુદ્રા છે જે નામ પ્રમાણે ગુણ છે. શરીરમાં જલ (પાણી)ના પ્રમાણનું સમતોલન જળવાશે જેતી જલ સંબંધી રોગોમાં ફાયદાકારક સાબિત થશે.

ઉપરોક્ત મુદ્રા ચિકિત્સામાં સમજણ ન પડે તો લેખકને સાંજે ૪ થી ૬ માં ફોન કરવો.

મો. ૯૮૨૫૩૨૪૭૧

વ્યક્તિત્વ વિકાસના સોપાનો

– કમલ સેજપાલ, જૂનાગઢ

માનવીય જીવન અનેક વિચારોની દુનિયામાં હંમેશા ખોવાયેલું જ જોવા મળે છે. આવું કેમ હશે? એ વિચારમાં ફરી આપણે વિચારોની વિટંબણામાં ખોવાઇ જઇએ છીએ. આપણી વાસ્તવિક સ્થિતીને આપણે પારખી શક્તા નથી. જ્યારે પારખવાની શરૂઆત કરીએ છીએ અને ફરી વિચારોમાં સપડાઇ જઇએ છીએ. સાચા અને સારા વિચારો દ્વારા આપણે અને આપણી આસપાસની વિવિધ પ્રવૃત્તિઓને આપણે ચોક્કસ બદલી શકીએ છીએ.

જ્યારે કોઇપણ કાર્ય કરવાની આપણે શરૂઆત કરતા હોઇએ છીએ ત્યારે તે દિશામાં આપણા વિચારોની યાત્રા શરૂ થાય છે. તે કાર્યનાં વિવિધ પાસાઓને આપણે યાદ કરી અને તેનું એક લાંબુ લીસ્ટ બનાવીએ છીએ, પછી તેમાં કઇ રીતે આગળ વધવુ તેના દ્વારા આપણે નક્કી કરીએ છીએ તે સ્વાભાવિક છે. તેમાં હકારાત્મક અને નકારાત્મક બન્ને અભિગમો જોવા મળશે અને ફરી નવા વિચારોની દુનિયામાં ફસાઇ જઇએ છીએ અને એક પરિસ્થિતી એવી આવે કે આપણે જે કાર્ય કરવું છે તેનો જ વિચાર આપણે માંડી વાળીએ છીએ અને ફરી મૂળભૂત કાર્યો તરફ આપણા વિચારને વેગવંતા બનાવીએ છીએ.

એક જંગલમાં આપણે ફરવા જતા હોઇએ અને અચાનક જ આપણી સામે એજ જંગલનું કોઇ પ્રાણી આવી ચડે તો આપણી પરિસ્થિતી શું થાય? આવા સંજોગોમાં પણ આપણે વિચારોના વમળમાં ફસાઇ જઇએ છીએ અને નકારાત્મક તેમજ હકારાત્મક વિચારોની આપલે આપણે આપણા મનમાં કરતા હોઇએ છીએ. જેમાં આ પ્રાણી મારી સામે આવીને મને મારશે તો હું શું કરીશ? ના.. ના.. એમ થોડો સામે આવે, આપણે તેને હેરાન ન કરીએ તો એ પ્રાણી આપણને કંઇ જ નુકશાન નહી કરે. આ રીતે નકારાત્મક અને હકારાત્મક બન્ને વિચારો આપણા મગજમાં આવે છે. પ્રથમ વિચાર તો નકારાત્મક જ આવશે અને પછી હકારાત્મક વિચાર આવશે.

તેવી જ રીતે જીવનના કોઇ પણ કાર્યની શરૂઆત કરો ત્યારે પહેલા વિચારો જો નકારાત્મક હશે તો તે કાર્યમાં હકારાત્મકતા ચોક્કસ વિશેષ જોવા મળશે પરંતુ કોઇપણ કાર્ય કરવા માટે માત્ર હકારાત્મક વિચારથી શરૂઆત કરશો તો અંતે તે વિચારો અટકીને નકારાત્મક્તા ઉપર જતા રહેશે અને આપણે નક્કિ કરેલું કાર્ય ફરી શરૂ થતા પહેલા જ પૂર્ણ થઇ જશે. જ્યારે કોઇપણ નાના-મોટા કાર્યની શરૂઆત કરીએ અને બધા જ સાથે હોય ત્યારે નકારાત્મક વિચારો થી શરૂ કરશો તો અંતમાં એ વિચારો હકારાત્મક થઇને આપણે જે કાર્ય કરવા માંગીએ છીએ તે દિશામાં આપણા વિચારોને વેગ મળશે અને તે કાર્ય કરવામાં વિશેષ આનંદ હશે, વિશ્વાસ હશે...

‘‘પુષ્ટિસંસ્કાર’’ ના માધ્યમથી ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રી એવમ્ ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીની કૃપાથી વ્યક્તિત્વ વિકાસના સોપાનો દ્વારા માત્ર અને માત્ર મારા વિચારોને રજૂ કરેલ છે. કદાચ કોઇપણ લેખનમાં મારી ભૂલ હોય અથવા આપ તેમની સાથે સહમત ન હોય તો મને ક્ષમ્ય ગણશો. ખરેખર જીવન ગતિશીલ છે. ઘડીયાળ બંધ થવાથી સમય રોકાતો નથી. આપણે સહું શ્રીવલ્લભના અનુયાયી છીએ અને તેમનામાં નિષ્ઠા એ જ આપણું પરમ કર્તવ્ય છે. મારા વિચારોને અહી વિરામ આપુ છું. ફરી આપશ્રી બન્ને આચાર્યશ્રીના ચરણોમાં મારા દંડવત્...

**‘‘હોશીયાર માણસથી ભૂલો થાય તેવું ક્યારેક બને
પણ ભૂલોથી માણસ હોશીયાર થાય તેવું જરૂર બને છે.’’**

વ્રતોત્સવ ટિપ્પણી

શ્રીકૃષ્ણાબ્દ ૫૨૪૧
વિક્રમ સંવત્ ૨૦૭૨

શ્રીવલ્લભાબ્દ ૫૩૮
માર્ચ ૨૦૧૬ - એપ્રિલ ૨૦૧૬

તારીખ	તિથિ	વાર	વિશેષ દિવસની નોંધ
માર્ચ	**માઘ કૃષ્ણપક્ષ**		
૦૧	૦૭	મંગળવાર	શ્રીનાથજીનો પાટોત્સવ
૦૫	૧૧	શનિવાર	એકાદશી વ્રત
	ફાલ્ગુન શુક્લપક્ષ		
૧૫	૦૭	મંગળવાર	શ્રીમથુરેશજીનો પાટોત્સવ
૧૬	૦૮	બુધવાર	હોળાષ્ટક આરમ્ભ
૧૯	૧૧	શનિવાર	કુંજ એકાદશી વ્રત
૨૨	૧૪	મંગળવાર	હોલી બુધવારના સૂર્યોદય પહેલા ૬:૪૯ પહેલા
૨૩	૧૫	બુધવાર	દોલોત્સવ, ધુલિવન્દન
	ફાલ્ગુન કૃષ્ણપક્ષ		
૨૪	૦૧	ગુરૂવાર	દ્વિતીયા પાટ
૨૮	૦૫	સોમવાર	શ્રીરંગપંચમી, શ્રીમહાપ્રભુજીના બેઠકજીએ દોલોત્સવ
૨૯	૦૬	મંગળવાર	શ્રીબડેબાબુરાયજીનો ઉત્સવ
૩૧	૦૭	ગુરૂવાર	શ્રીદામોદરલાલજીનો પાટોત્સવ
એપ્રિલ	**ફાલ્ગુન કૃષ્ણપક્ષ**		
૦૧	૦૮	શુક્રવાર	શ્રીછોટે બાબુરાયજીનો ઉત્સવ
૦૪	૧૨	સોમવાર	એકાદશી વ્રત
૦૫	૧૩	મંગળવાર	શ્રીછપ્પનભોગનો ઉત્સવ
	ચૈત્ર શુક્લપક્ષ		
૦૮	૦૧	શુક્રવાર	સંવત્સરોત્સવ
૧૨	૦૬	મંગળવાર	છટ્ઠાલાલજી શ્રીયદુનાથજીનો ઉત્સવ
૧૫	૦૯	શુક્રવાર	શ્રીરામનવમી વ્રત - તિલકદિન
૧૭	૧૧	રવિવાર	એકાદશી વ્રત, શ્રીમહાપ્રભુજીના ઉત્સવની વધાઇ

સંકલન - રસિકભાઇ બદિયાણી

Registered Newspaper
PUSHTI SANSKAR (Monthly) - March - 2016
JUNAGADH - 362001
Posted on 1st of every month **(RMS - Junagadh)**

R.N.I. No. Guj Guj/34004/2010
Postal Reg. No.G-JND 304/16-18 (Valid up to 31-12-2018)

ધમાર નું પદ

રાગ : કાફી   તાલ : ધમાર

ઔરનસોં ખેલે ધમાર લાલ મોસોં મુખહૂ ન બોલે ।
નંદમહરકો લાડિલો મોસોં એંડયો હી ડોલે ।।૧।।
રાધાજૂ પનિયાઁ નિકસી વાકો ઘૂંઘટ ખોલે ।
સૂરદાસ પ્રભુ સાઁવરો હિયરા બિચ ડોલે ।।૨।।

IF NOT DELIVERED PLEASE RETURN TO
SHREE PUSHTI FOUNDATION
MOTI HAVELI, PANCH HATADI CHOWK, JUNAGADH - 362001 (GUJARAT) INDIA
Owner : SHREE PUSHTI FOUNDATION
Printer, Publisher: Jayendrakumar Bhimjibhai Tanna
Editor : Kamalkumar Gordhandas Sejpal,
Printed at METRO OFFSET Near Sub. Marketing Yard, Dolatpara, Junagadh - 362037
Published at Pushti Foundation, Moti Havali, Near Panch Hatdi Chowk, Junagadh - Gujarat